₹ ૧૫/-

## પ્રભુનું નિવાસસ્થાન



# પ્રભુ અર્પણ

નવેમ્બર - ૨૦૧૭

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

# Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

આપણે જે કાર્ય હાથ ધર્યું છે તેમાં જીવન, કાર્ય અને ભૌતિક જગતનો સમાવેશ થયેલો જ છે. હું જે કરવાનો પ્રયત્ન કરી રહ્યો છું તેમાં આધ્યાત્મિક સાક્ષાત્કાર એ પ્રાથમિક જરૂરિયાત છે; પરંતુ જ્યાં સુધી જીવનમાં, માણસોમાં તેમજ જગતમાં બાહ્ય સાક્ષાત્કાર ન થઈ આવે ત્યાં સુધી એ (આધ્યાત્મિક સાક્ષાત્કાર) પૂર્ણ થઈ શકે નહિ. અંતરમાં આધ્યાત્મિક ચેતના ખરી, પરંતુ બહાર આધ્યાત્મિક જીવન પણ જોઈએ.

શ્રી અરવિન્દ

(CWM 13 : 155)

## શ્રી અરવિન્દ આશ્રમ

આ આશ્રમનું સર્જન આ પ્રકારની બીજી સંસ્થાઓનું જે ધ્યેય હોય છે એનાથી અલગ એવા ધ્યેય માટે કરવામાં આવ્યું છે. જગતના ત્યાગ માટે નહિ; એક જુદા જ પ્રકારના તથા જુદી કક્ષાના જીવનની ઉત્ક્રાંતિની તાલીમ માટેના કેન્દ્ર તેમ જ ક્ષેત્ર તરીકે આ આશ્રમનો આવિર્ભાવ થયો છે. અને એ જીવન એની ચરિતાર્થતામાં ઊર્ધ્વ આધ્યાત્મિક ચેતના વડે દોરાતું જીવન હશે તથા એ આત્માના મહત્તર જીવનને મૂર્ત સ્વરૂપ આપતું હશે.

શ્રી અરવિન્દ

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

નવેમ્બર - ૨૦૧૭ વર્ષ : ૦૩ અંક : ૧૧

# અનુક્રમ

## પ્રભુનું નિવાસસ્થાન


| | |
|---|---|
| પ્રભુનું સ્વપ્ન | ૦૬ |
| આશ્રમની સ્થાપના | ૧૨ |
| આશ્રમનું વાતાવરણ | ૨૦ |
| પૂર્ણયોગની સાધના માટેની શરતો | ૨૫ |
| વિશાળતર આંતર આશ્રમ | ૩૮ |
| ઉપસંહાર | ૪૫ |

*

| | |
|---|---|
| વૃત્ત વિશેષ | ૪૬ |


**તંત્રી નોંધ :** આપણે જે સંસ્થાને શ્રી અરવિન્દ આશ્રમ તરીકે ઓળખીએ છીએ તેની સ્થાપના ને ૯૧ વર્ષ પૂરાં થયાં છે. પ્રસ્તુત અંકનું પ્રકાશન આશ્રમની સ્થાપનાના ૯૧મા વર્ષની ઉજવણીના ભાગરૂપ કરવામાં આવી રહ્યું છે. ૨૪ નવેમ્બર, ૧૯૨૬ની મહાન ઘટના બાદ આશ્રમની સ્થાપના કરવામાં આવી હતી. અને હવે આ આશ્રમ તેમ જ પૂર્ણયોગ તો ખૂબ દૂર અને વિસ્તીર્ણ રીતે પ્રસરી ગયા છે. અલબત્ત શ્રી અરવિન્દના યોગની સાધના ગમે ત્યાં રહી સ્વતંત્રપણે કરી શકાય છે તેમ હોવા છતાં આશ્રમ નિઃશંક શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની તપસ્યા જે નૂતન ચેતનાને પૃથ્વી અને માનવ માટે નીચે ઉતારી લાવી છે એ ચેતનાની પ્રસારની શક્તિ માટેનું કેન્દ્રસ્થ પ્રભાવ-સ્થાન બની રહ્યો છે. આશ્રમ, શ્રી અરવિન્દ અને શ્રી માતાજીએ પોતાના યોગની પરિપૂર્ણતા માટે પોતે પસંદ કરેલું એમનું પાર્થિવ નિવાસસ્થાન માત્ર જ છે એવું નથી; બલ્કે એ એમની તપસ્યાનું આસન પણ છે. અને આમ એનું મહત્ત્વ શાશ્વત છે તેમ જ ખાસ પ્રકારે વિશિષ્ટ પણ છે. અને આ કારણે જ માત્ર (અન્ય કોઈ કારણ માટે નહિ) જે લોકો પૂર્ણયોગના પથનું અનુસરણ કરી રહ્યા છે તેમને માટે શ્રી અરવિન્દ આશ્રમ એ એક પવિત્ર અને હૃદયસ્થ સ્થાન બની રહેશે. અલબત્ત, પૂર્ણયોગ ભૌગોલિક સીમાઓથી બદ્ધ નથી અને એનું આચરણ કરનાર સાધકો સર્વત્ર ફેલાયેલા હોવા છતાં આશ્રમ માત્ર એની હસ્તી વડે જ પૃથ્વીની પ્રભુ પરત્વેની ઝંખનાને મૂળભૂત રીતે પોષણ મળે માટે તે મદદ પૂરી પાડી રહ્યો છે. અને માટે જ આશ્રમનાં અમુક પાસાંઓ તથા એના મૂળગામી માર્ગદર્શક સિદ્ધાંતો પ્રત્યે નજર ફેરવી જવાનો પ્રયત્ન આપણે અત્રે કરી રહ્યાં છીએ.

અલબત્ત, પૃષ્ઠોની મર્યાદાને લીધે આશ્રમજીવનની અનેકવિધ જટિલતાઓ વિશે આપણે અહીં જણાવી શકતા ન હોવાથી માત્ર થોડાં પાસાંઓનો જ અત્રે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.



ના, આશ્રમમાં રહેવું એ જ પૂરતું નથી — સાધકોએ શ્રી માતાજી પરત્વે ખુલ્લા થવાનું છે અને જગતના જીવનમાં જે કીચડ સાથે પોતે રમત કરતા રહેતા હતા તે કીચડને દૂર કરી દેવાનો છે.

CWSA 32 : 156 — શ્રી અરવિન્દ

# પ્રભુનું સ્વપ્ન

પૃથ્વી ઉપર ક્યાંક એક એવું સ્થળ હોવું જોઈએ કે જેના ઉપર કોઈ પણ રાષ્ટ્ર પોતાની માલિકીનો દાવો ન કરે. એવા સ્થાનમાં જગતના સર્વ શુભભાવનાવાળા, સાચી અભીપ્સાવાળા માણસો જગતના નાગરિક તરીકે મુક્ત રહે. પોતાના ઉપર તેઓ માત્ર એક જ સત્તાની આણ સ્વીકારે અને એ સત્તા તે પરમ સત્યની જ સત્તા હોય. એ એક શાંતિનું સ્થળ હશે, સુમેળ અને સંવાદનું સ્થળ હશે. માણસમાં રહેલી સર્વ લડાયક વૃત્તિઓનો ઉપયોગ ત્યાં માણસોનાં દુઃખો અને આપત્તિઓને જીતવા માટે, માનવની પોતાની દુર્બળતા અને અજ્ઞાનને જીતવા માટે, માનવની મર્યાદાઓ અને અશક્તિઓ ઉપર વિજય મેળવવાને માટે જ કરવામાં આવશે. એ સ્થળે માનવની ઇચ્છાઓ અને કામનાઓના સંતોષ, સ્થૂલ આનંદોપભોગો અને આમોદ-પ્રમોદ એ વસ્તુઓને નહિ પણ આત્માની જરૂરિયાતોને, પ્રગતિ માટેની આતુરતાને પ્રથમ સ્થાન આપવામાં આવશે. આ સ્થળમાં બાળકો પોતાના આત્મા સાથે સંબંધ ગુમાવ્યા વિના મોટાં થ તાં રહેશે અને એક સર્વાંગ એવો વિકાસ પામતાં રહેશે. ત્યાં સુધી કેળવણી પરીક્ષાઓ પસાર કરવા માટે તેમ જ પ્રમાણપત્રો અને નોકરીઓ મેળવવા માટે નહિ પરંતુ માણસની અત્યારની શક્તિઓને વધુ સમૃદ્ધ કરવા માટે, તેમનામાંની નવી શક્તિઓને બહાર લાવવા માટે આવતી રહેશે. આ જગામાં ઇલ્કાબો અને હોદ્દાઓને બદલે માણસોને સેવા અને સંગઠન કરવાની તકો મેળવી આપવામાં આવશે. દરેક વ્યક્તિને તેના શરીરની જરૂરિયાતો એકસરખી રીતે પૂરી પાડવામાં આવશે. એ સ્થળે જેમની પાસે વધુ ઉચ્ચ પ્રકારની બૌદ્ધિક, નૈતિક અને આધ્યાત્મિક શકિતઓ હશે તેઓ એ શક્તિઓનો ઉપયોગ જીવનમાં વધુ આનંદો અને સત્તા મેળવવા માટે નહિ કરે, પણ તેવા લોકો પોતાના ઉપર વધુ મોટી ફરજો અને વધુ જવાબદારીઓ ધારણ કરશે. એ સ્થળે કળાનું સૌંદર્ય, તેનાં ચિત્ર, શિલ્પ, સંગીત, સાહિત્ય આદિ સર્વ પ્રકારનાં રૂપોમાં સૌ કોઈને એક સમાન રીતે સુલભ બનશે. હરેક વ્યક્તિને આ કળાઓમાંથી મળતો આનંદ માણવાની તક રહેશે. એ આનંદ માણવામાં જો કોઈ મર્યાદા હશે તો તે માણસની પોતાની શક્તિની જ મર્યાદા હશે, માણસ પોતાની સામાજિક કે આર્થિક સ્થિતિને કારણે કળાના આનંદથી વંચિત નહિ રહે. કારણ કે આ આદર્શ સ્થાનમાં પૈસાનું સ્થાન સર્વોપરી નહિ હોય. માણસની પાસેની સ્થૂલ સંપત્તિ કે સામાજિક દરજ્જા કરતાં તેનું પોતાનું જે વ્યક્તિત્વ હશે તેને અહીં વધુ મહત્ત્વનું ગણવામાં આવશે. આ સ્થળે માણસો કામ કરશે તે જીવનનિર્વાહ મેળવવા માટે નહિ પણ પોતાની જાતને વ્યક્ત કરવા માટે કરશે, પોતાની શક્તિઓને તથા શક્યતાઓને ખીલવવા માટે કરશે, અને સાથે સાથે કામ દ્વારા તેઓ આખા યે સમૂહની સેવા પણ કરતા રહેશે. એ કામના બદલામાં સમૂહ દરેક વ્યક્તિને તેના નિર્વાહનાં સાધનો પૂરાં પાડશે, તેને કામ કરવા માટેનું ક્ષેત્ર પૂરું પાડશે. અર્થાત્ એ સ્થળે માનવના સંબંધોના પાયામાં સામાન્ય રીતે જે હરીફાઈ અને સંઘર્ષનાં તત્ત્વો રહેલાં હોય છે તે ચાલી જઈને સહકારવૃત્તિ, વધુ સારું કાર્ય

કરવાની વૃત્તિ કામ કરશે. બધા સંબંધો સાચા ભ્રાતૃત્વના સંબંધો બની રહેશે.

બેશક, પૃથ્વી હજી આવા આદર્શને સિદ્ધ કરી શકવા જેટલી તૈયાર નથી, કારણ કે માન વજાતિ પાસે હજી આ આદર્શને સમજવા તથા સ્વીકારવા માટેનું જરૂરી જ્ઞાન નથી, તેમ જ એ આદર્શને અમલમાં મૂકવા માટે જોઈતી સજ્ઞાન શક્તિ પણ નથી, અને માટે જ આને હું એક સ્વપ્ન તરીકે વર્ણવું છું.

અને છતાં, આ સ્વપ્ન એક વાસ્તવિક ઘટના બનવાની તૈયારીમાં છે. આ જ વસ્તુ અમે શ્રી અરવિન્દના આશ્રમમાં એક નાનકડા પાયા ઉપર, અમારી પાસેનાં અલ્પ સાધનોના પ્રમાણમાં સિદ્ધ કરવાનો પ્રયત્ન કરી રહ્યાં છીએ. બેશક, અમને આ બાબતમાં હજી સંપૂર્ણ સિદ્ધિ તો નથી જ મળી, પરંતુ એ સિદ્ધિની દિશા અમારી પ્રગતિ છે. થોડે થોડે કરતાં અમે અમારા લક્ષ્ય તરફ આગળ વધી રહ્યાં છીએ અને અમને આશા છે કે એક દિવસ અમે આખા જગતની સમક્ષ એ લક્ષ્યને રજૂ કરીને કહી શકીશું કે જુઓ, અત્યારની અંધાધૂંધીમાંથી નીકળીને એક વધુ સાચા, વધુ સંવાદમય, નૂતન જીવનમાં પહોંચવા માટે એક વ્યવહારુ અને અસરકારક સાધન છે. અને તે આ રહ્યું. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૨ : ૧૧૬-૧૧૮)

**શ્રી માતાજી**

*

## વિશિષ્ટ રચના

મેં અવાજ સાંભળ્યો અને આ શક્તિની લાગણી સહિત હું જાગી ગઈ હતી; આ પ્રકાશ, આ શક્તિ સાક્ષાત્કારી અહીં કેન્દ્રિત થઈ હતી, જે દરેક વસ્તુને ગતિમાં મૂકી આપે છે (હંમેશની માફક, એ હંમેશાં એકસમાન જ હોય છે, ગતિયુક્ત શક્તિ). એ હતો ઝળહળતો શ્વેત પ્રકાશ. પણ પછી મેં જે રમૂજી વસ્તુ જોઈ તે એ કે હું ત્યાં હતી. મારી સહજ અવસ્થામાં શાન્ત, અને આ, આ આશ્રમ તે મારા સ્વરૂપનો એક ઘણો નાનકડો ભાગ હતો. અને સમગ્ર અનુભૂતિ દરમિયાન એ એ જ પ્રમાણે રહ્યો હતો : મારા સ્વરૂપનો એક ઘણો નાનો અંશ. અન્ય સર્વ કંઈ... એકાગ્રતાવિહીન થઈ ગયું હતું એમ તો હું કહી શકું નહિ; પરંતુ સમગ્રતયા સામાન્ય, બધી જ પ્રવૃત્તિ, પ્રતિ રાત્રિ જેવી હોય છે, એ મુજબ સામાન્ય જ હતી અને મેં આશ્રમ એકદમ સ્પષ્ટતયા જોયો હતો. – એ કંઈક વિશિષ્ટ હતું, વિશિષ્ટ કારણોસર એ જાણે બનાવવામાં આવ્યો હતો. અને મારું શરીર અતિ વિશાળ હતું તો આશ્રમ ખૂબ નાનો હતો, ખૂબ જ નાનો...

આશ્રમનું પ્રતિનિધિત્વ કરતું રૂપ લગભગ અહીં સ્થિર થયું હતું. મારા કદના પ્રમાણમાં નાભિની ઉંચાઈએ એ સ્થિત હતું. પરંતુ શરીરની હદ જો કે આંકવામાં આવી ન હતી એની અમુક લાક્ષણિકતાઓ હતી, અથવા અનિશ્ચિત રૂપો હતાં, જેમાંનું પ્રત્યેક અન્યના સંબંધે સ્થિત થયું હતું; જાણે કે પ્રત્યેક પ્રતીકરૂપ હતું, કોઈ પ્રવૃત્તિનું કે વિશ્વના કોઈ ભાગનું, કે આવિર્ભાવની કોઈ અવસ્થાનું પ્રતીક હતું. તો એ રચનાનો આરંભ કંઈક અહીં, નાભિ નજીક થયો હતો અને પછી એ રચના આંતરડા તરફ નીચેની દિશામાં ગઈ હતી....

એનું રૂપ લંબાયેલું હતું, નીચેની તરફ નમેલું (એનું રૂપ હંમેશાં આવું જ હોય છે.) ઉપર

એ મસ્તક જેવું લાગતું હતું, પછી નીચે તરફ એની રેખાઓ અદૃશ્ય થઈ ગઈ હતી. એમાં કોઈ દરવાજો ન હતો. અને પછી એ અનેક ગાઢ આવરણોથી ઘેરાયેલું હતું. ગાઢ જાંબુડિયો રંગ, જે રક્ષણનો રંગ છે. એ રૂપમાં ચળકતો પ્રકાશ પ્રવેશી રહ્યો હતો — એ પ્રવેશતો જ રહ્યો. પણ પ્રવેશ કરતી વખતે એ પ્રકાશ એમાં કાણું પાડતો ન હતો. એ પ્રકાશ સર્વ કંઈમાંથી પસાર થઈ રહ્યો હતો, ગાઢ જાંબુડિયા રંગમાંથી — સર્વ કંઈમાંથી એ પસાર થઈ રહ્યો હતો. આમ પસાર થઈને એ પ્રકાશ અંદર પ્રવેશ્યો હતો, જ્યાં સર્વ રંગના ચળકાટો હતા. પાણીના ધોધ સમાન. આમ આ શક્તિના આવા જલપ્રપાતો જ હોય છે — વરાળના પ્રવાહ જેવા, જેનું પાણી ન તો વહેતું હોય છે, ન તો અદૃશ્ય થતું હોય છે; પણ એ જમા થતું હોય છે. અને વધારાની જગ્યા લીધા સિવાય એ જમા થતું હોય છે. એક પ્રકારના સંકુચન જેવું. એ ઊર્જાઓના સંગ્રહ સમાન હોય છે, ઘટ્ટ થવાની ક્રિયા. વાયુનું પ્રવાહીમાં થતું રૂપાંતર. અને પછી અંદરની બાજુએ એ હલનચલન કરતું રહે છે, આંદોલિત થતું રહે છે, આંદોલનો ઉત્પન્ન કરતું જ રહે છે, એ આવતું જ રહે છે — એ ક્યાંથી આવે છે તે તમે જાણતા હોતા નથી, પણ એ આવતું રહે છે તેમ જ જમા થતું જ રહે છે.

એના કેન્દ્રમાં ચળકતા શુભ્ર પ્રકાશ સહિતની એ શક્તિ હતી, પ્રકાશ જે મા ભગવતીની શક્તિ છે અને જેવી એ શક્તિ અંતરમાં સારી રીતે ભરી દેવામાં આવી હતી, એકાગ્ર કરી દેવામાં આવી હતી, ઘટ્ટ બનાવી દેવામાં આવી હતી કે તુર્ત જ એણે સર્વ રંગો ધારણ કર્યા — દરેક રંગનાં આંદોલનો.... મૂર્ત્ત સ્વરૂપ આપવામાં આવ્યું હોય એમ. દિવ્ય શક્તિએ જાણે મૂર્ત્ત સ્વરૂપ ધારણ કર્યું હોય એવા એ રંગો લાગતા હતા, તેઓ જ્યારે ભૌતિક પદાર્થમાં પ્રવેશે ત્યારે એ દિવ્ય શક્તિ સમા લાગે છે. (જેવી રીતે ભૌતિક પદાર્થ એ ઊર્જાનું ઘટ્ટ સ્વરૂપ હોય છે, તે રીતે આ (રંગો) દિવ્ય શક્તિનું ઘટ્ટ સ્વરૂપ હોય એમ લાગતું હતું.

(The Mother : Conversations with a disciple : July 12, 1960)

*

## આશ્રમમાં વસ્તુઓ કઈ રીતે કરવામાં આવે છે

કોઈ પણ સમયે, કદાપિ કોઈ મનોમય યોજના હોતી જ નથી, નક્કી કરેલો કોઈ કાર્યક્રમ કે અગાઉથી વિચારી રાખેલી વ્યવસ્થા પણ નહિ. સમગ્ર વસ્તુઓએ જન્મ ધારણ કર્યો છે, એનો ઉછેર તથા વિકાસ થયો છે, જે રીતે એક સજીવ સ્વરૂપની બાબતમાં થતું હોય છે તેમ. અને એ થયું છે ચેતના (ચિત્-તપસ)ની ગતિરૂપે, જે સતત જાળવી રાખવામાં આવી છે, એમાં વૃદ્ધિ થઈ છે અને જેને મજબૂતાઈ અર્પવામાં આવી છે. જેવી ચિત્-શક્તિ પદાર્થતત્ત્વમાં અવતરણ કરે છે અને પ્રસરે છે, ત્યારે તે લાયક કરણોને શોધે છે, પોતાની જાતને અભિવ્યક્ત કરવા, પોતાનો આવિર્ભાવ કરવા માટે. એ કહેવાની જરૂર રહેતી નથી કે કરણ જેટલું વધુ ખુલ્લું, ગ્રહણશીલ અને નમનીય હોય તેટલું પરિણામ વધુ સારું પ્રાપ્ત થાય. સાધકોની અંદર તથા સાધકો દ્વારા સરળતાપૂર્વક અને સંવાદમય રીતે કાર્ય કરવા આડે જે બે વસ્તુઓ આવે છે, એ છે :

(૧) સભાન શક્તિની અસર તથા એના કાર્યનો અવરોધ કરનાર અગાઉથી બાંધી લેવામાં આવેલા ખ્યાલો અને મનોમય રચનાઓ.

(૨) પ્રાણ-શક્તિની પસંદગીઓ તેમ જ એના આવેગો, જે અભિવ્યક્તિને વિકૃત કરે છે અને ખોટી રીતે રજૂ કરે છે.

આ બંને વસ્તુઓ અહંકારની સહજ પેદાશ છે. આ બે તત્ત્વોની દખલગીરી ન હોય તો મારી શારીરિક દરમિયાનગીરીની જરૂર રહે નહિ.

તમે જ્યારે એમ કહો છો કે 'માતાજીને પસંદ છે', કે 'માતાજીને પસંદ નથી' એ વાતમાં તમે માનતા નથી ત્યારે તમે એકદમ સાચું જણાવો છો. આ તો બાલિશ અર્થઘટન છે.

અહીં કાર્ય કરી રહેલી શક્તિ અને ચેતના વિશે સ્પષ્ટ, ચોક્કસ એવી સમજ છે અને જ્યારે જ્યારે આ શક્તિને વિકૃત કરવામાં આવે છે અને ચેતના એના કાર્યમાં અસ્પષ્ટ થતી હોય છે ત્યારે મારે દરમિયાનગીરી કરવી પડે છે અને એ ગતિવિધિને સુધારી લેવી પડે છે.

**શ્રી અરવિન્દ** (CWAS : 35 : 676-77)

*

## નૂતન જગતનું પારણું

માનવજાતની હાલની કોઈ પણ સિદ્ધિ પછી ભલે તે ગમે તેટલી મહાન હોય છતાં આપણે માટે અનુસરવા માટેનો આદર્શ તે કદી બની શકે નહિ. માનવ આદર્શોના પ્રયોગો માટે વિશાળ વિશ્વ પડેલું છે.

આપણો હેતુ બિલકુલ ભિન્ન છે અને હાલમાં આપણને સફળ થવા માટે ઓછી તક હોય તો પણ આપણને ખાતરી છે જ કે આપણે ભવિષ્ય માટેની તૈયારી કરીએ છીએ.

હું જાણું છું કે બાહ્ય રીતે જોતાં આ જગતમાં હાલ સિદ્ધ કરાયેલી ઘણી વસ્તુઓથી આપણે નીચે છીએ. પરંતુ માનવ માપદંડ પ્રમાણેની પૂર્ણતા એ આપણું ધ્યેય નથી. આપણે બીજી જ કોઈ વસ્તુ માટે પ્રયત્ન કરીએ છીએ. જે ભવિષ્યની વસ્તુ છે.

*

આશ્રમની સ્થાપના થઈ છે અને તે નૂતન જગતનું પારણું બનવાને સર્જાયો છે. એને માટેની પ્રેરણા ઉપરથી આવેલી છે, માર્ગદર્શક શક્તિ ઉપરથી આવે છે, એના સર્જન માટેની શક્તિ પણ ઊર્ધ્વમાંથી આવે છે અને આ શક્તિ નૂતન સાક્ષાત્કારના અવતરણ માટે કાર્ય કરી રહી છે.

આશ્રમ તેની ક્ષતિઓ, ખામીઓ તેમજ નિષ્ફળતાઓને લઈને જ માત્ર હાલના જગતનો બની રહ્યો છે.

માનવજાતિની હાલની કોઈપણ સિદ્ધિઓ પાસે આશ્રમને તેની મુશ્કેલીઓમાંથી બહાર ખેંચી લાવવાની શક્તિ નથી.

તેના બધા જ સભ્યોનું સંપૂર્ણ પરિવર્તન, તેમજ અવતરિત થતી સત્યની જ્યોતિ પ્રત્યે તેઓનું ખુલ્લા થવું, આ જ વસ્તુઓ તેને તેના પોતાના સાક્ષાત્કારમાં મદદ કરી શકે એમ છે.

નિઃશંક, કાર્ય ઘણું પ્રચંડ છે; પરંતુ તેને સિદ્ધ કરવાનો અમને આદેશ અપાયો છે; અને એ હેતુ માટે જ અમે પૃથ્વી પર છીએ.

પરમાત્માનો સંકલ્પ, તથા એમની મદદમાં અડગ શ્રદ્ધા સહિત અંત સુધી અમે પ્રયત્નો ચાલુ રાખીશું.

આ હેતુ માટે જેઓ પોતાનું જીવન આપવા નિર્ણય કરે તેઓને માટે આશ્રમના દરવાજા ખુલ્લા છે, અને હંમેશને માટે ખુલ્લા રહેશે જ. (CWM : 13 : 107-09)

*

## જાહેરનામું

જીવન તેમજ માણસો પ્રત્યેની ઘૃણાને લઈને કોઈએ યોગ સ્વીકારવાનો નથી જ. મુશ્કેલીઓમાંથી નાસી છૂટવા માટે કોઈએ અહીં આવવાનું નથી.

પ્રેમ અને રક્ષણનું માધુર્ય પ્રાપ્ત કરવા માટે પણ કોઈએ અહીં આવવાનું નથી; કારણ કે પ્રભુનો પ્રેમ અને રક્ષણ, વ્યક્તિ જો સાચું વલણ અપનાવે તો હરેક સ્થળે એને પ્રાપ્ત થઈ શકે છે.

વ્યક્તિ જ્યારે પ્રભુની સેવામાં પોતાનું સંપૂર્ણ સમર્પણ કરી દેવા તૈયાર હોય, ઈશ્વરના કાર્યમાં પોતાની જાતનું પૂર્ણ નૈવેદ્ય ધરી દેવા તૈયાર હોય,-માત્ર સમર્પણના તેમ જ કાર્યના આનંદ ખાતર જ, બદલામાં કશાની (સેવા તથા અર્પણ સિવાય) પણ અપેક્ષા રાખ્યા વગર; ત્યારે જ વ્યક્તિ અહીં આવવા માટે તૈયાર છે એમ કહી શકાય અને એવી વ્યક્તિ પોતાને માટે દરવાજા ખુલ્લા જ છે એમ અનુભવશે.

અહીં આપણી પાસે કોઈ ધર્મ (Religion) નથી. આપણે ધર્મ (Religion) ની જગ્યાએ આધ્યાત્મિક જીવનને મૂકીએ છીએ, જે જીવન વધુ સત્ય, વધુ ગભીર તથા વધુ ઊર્ધ્વ, અને એટલે જ ઈશ્વરની વધુ સમીપ હોય છે. ઈશ્વર તો સર્વ વસ્તુમાં રહેલો છે, પરંતુ આપણે એના વિશે સભાન નથી હોતા. માણસે આ ખૂબ જ વિશાળ એવી પ્રગતિ કરવી જ જોઈશે.

અમે કોઈ સંપ્રદાય કે ધર્મ સામે લડતા નથી.

અમે કોઈ પણ પ્રકારની સરકાર સામે લડતા નથી.

અમે કોઈ સામાજિક વર્ગ સામે લડતા નથી.

અમે કોઈ રાષ્ટ્ર કે સંસ્કૃતિ સામે લડતા નથી.

અમે ભાગલા, અચેતનતા, અજ્ઞાન, જડતા અને જૂઠાણાં સામે લડીએ છીએ.

અમે પૃથ્વી પર એકતા, જ્ઞાન, ચેતના, અને સત્યને સ્થાપિત કરવા માટે પ્રયત્ન કરીએ છીએ અને પ્રકાશ, શાન્તિ, સત્ય તથા પ્રેમના આ નૂતન સર્જનના આગમનનો જે કોઈ વિરોધ કરે છે, તેની સામે અમે લડીએ છીએ. (CWM : 13 : 124-25)

*

મને લાગે છે કે આશ્રમ વિશે તમે એક મૂળભૂત ગેરસમજ સેવી રહ્યા છો અને એ ગેરસમજપૂર્વક આશ્રમને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છો. શ્રી અરવિન્દે વ્યવસ્થા સંચાલનના અમુક નિશ્ચિત નિયમો, એને લગતા કાયદાઓ, તથા નક્કી કરવામાં નિયંત્રણો મુજબ આશ્રમ નામની સંસ્થા સ્થાપી હતી એવું નથી. શ્રી અરવિન્દ જે સત્ય પ્રકટ કરે છે તે સત્યની શક્તિ વડે આશ્રમનો ઉછેર આપમેળે થયો છે અને આશ્રમ માત્ર એ સત્યની ગતિને જ અનુસરી શકે એમ છે. શ્રી અરવિન્દ અને આશ્રમ બંને મળીને એક અખંડ પૂર્ણતા સર્જાય છે. શ્રી અરવિન્દનું સ્વરૂપ આશ્રમમાં પસરાયેલું છે અને આશ્રમના સમગ્ર જીવનને એ એકત્ર કરીને પોતાની અંદર આવરી લે છે. અને આમ આશ્રમનું સમગ્ર જીવન એક સંવાદમય આધ્યાત્મિક એકતામાં પરિણમે છે. આશ્રમનું જીવન છે આત્માનું જીવન; એનો વિકાસ, એ છે આત્મતત્ત્વનો વિકાસ. આશ્રમ એ ભેગા થયેલા સાધકોનો સમુદાય છે અને એનું જીવન, એની અભીપ્સા, એનું ધ્યેય શ્રી અરવિન્દથી અલગપણે અસ્તિત્વ ધરાવે છે કે ધરાવી શકે છે એ રીતે જોવું કે વિચારવું તે તદ્દન ખોટું છે. આશ્રમનું જીવન, એની ગતિવિધિ, એની પ્રવૃત્તિઓ અંતરમાંથી થતા એના ઉછેર અને વિકાસની પૂર્ણપણે થતી અભિવ્યક્તિ છે. આશ્રમમાં કોઈ કાયદાઓ નથી, કોઈ નિયમો કે નિયંત્રણો પણ નથી. હા, એકમાત્ર નિયમ જે છે તે છે : શ્રી અરવિન્દના સ્વરૂપની અંદર, એ સ્વરૂપ દ્વારા થતો આધ્યાત્મિક વિકાસ અને ઉછેર.

(શ્રી અરવિન્દની દોરવણી હેઠળ એક સાધકે લખેલો પત્ર, જેમાં શ્રી અરવિન્દે સ્વયં સુધારાવધારા કર્યા હતા. (અમલ કિરણના જણાવ્યા મુજબ) )

(Our Light and Delight, pp 8-9)

# આશ્રમની સ્થાપના

### સામાન્ય જીવનની પ્રતિકૃતિ

સાધકે શું કરવું જોઈએ તે વિશેની તમારી લાગણીની હું કદર કરી શકું છું અને તે દૃષ્ટિબિંદુથી તમે જે કહો છો તે સાવ સાચું છે. પરંતુ એ બરાબર સમજી શકાય તેમ છે કે આશ્રમ કેવળ સાધકોનો જ બનેલો નથી. આશ્રમ સામાન્ય જીવનની પ્રતિકૃતિ છે. અહીં જેઓ યોગની સાધના કરે છે તેઓ લઘુમતિમાં છે અને જેઓ પૂર્ણ સચ્ચાઈથી સાધના કરે છે તેમને જ મારે અહીં રાખવાના હોય તો ખરેખર ઘણા ઓછા સાધકો અહીં રહી શકે.

શ્રી અરવિન્દ આપણને એક હકીકતની યાદ કાયમ આપે છે કે પ્રભુ દરેક જગાએ અને દરેક વસ્તુમાં રહેલા છે અને તેઓ આપણને સાચી કરુણાને આચરણમાં મૂકવાનું કહે છે. કારણ કે અત્યારે જે સૂત્ર ઉપર હું વિવેચન કરું છું તેમાં તે ખૂબ સુંદર રીતે વ્યક્ત થયેલું છે, ''તમારી જાતને નિર્દયતાથી તપાસો, ત્યાર પછી જ તમે બીજાઓ પ્રત્યે વધારે ઉદાર અને વધારે દયાળુ બનશો.'' (CWM : 13 : 144)

*

### આશ્રમ–એક પ્રયોગશાળા

'ક્ષ' જેમ જણાવે છે તે મુજબ આશ્રમ એ આધ્યાત્મિક તેમ જ અતિમાનસિક યોગ માટેની પ્રયોગશાળા છે અને માટે જ આશ્રમમાં માનવજાતિનું વૈવિધ્યસભર પ્રતિનિધિત્વ હોવું જ જોઈએ એ જરૂરી છે; કહો કે અનિવાર્ય છે. કારણ કે રૂપાંતરના પ્રશ્ને આપણે દરેક પ્રકારના તત્ત્વો સાથે (અનુકૂળ કે પ્રતિકૂળ) કામ પાડવાનું જ છે. ફક્ત સાત્ત્વિક અને સભ્ય લોકો જ યોગ કરવા આવે; જેમનામાં પ્રાણની બહુ મુશ્કેલીઓ ન હોય એવા જ લોકો અહીં આવે તો પછી પાર્થિવ પ્રકૃતિમાંના પ્રાણ તત્ત્વની મુશ્કેલીઓનો સામનો કરી એને પાર નહીં કરી શકવાને લીધે આખો પ્રયત્ન જ નિષ્ફળ જઈ શકે.... આશ્રમમાં જે લોકો છે તેઓ દરેક ક્ષેત્રમાંથી આવેલા છે અને દરેક પ્રકારના છે; અને એ એમ જ હોય, એનાથી જુદું હોઈ શકે જ નહિ.

સામૂહિક યોગમાં – જો કે પ્રત્યેક વ્યક્તિ માટે નહિ – જેમ દરેક ભૂમિકા પર કામ કરવામાં આવે છે, તેજ રીતે એમાં એની સઘળી મુશ્કેલીઓ પણ ઉત્પન્ન થતી હોય છે. આશ્રમમાં જે કંઈ બને છે અને લોકો જેની સામૂહિક યોગમાં અપેક્ષા રાખતા નથી, એવી મોટાભાગની વસ્તુઓ અંગેના પ્રત્યુત્તર આમાંથી મળી રહેશે. 'પ્રયોગશાળા' માં જ્યારે પ્રાથમિક કાર્ય પૂરું થઈ જાય ત્યારે વસ્તુઓ બદલાવી જ જોઈએ.

અંતેવાસીઓ વચ્ચે સામાન્ય સ્તરની મિત્રતા પર અહીં ભાર મૂકવામાં આવ્યો નથી, (જો કે સદ્ભાવના, બીજાઓનો વિચાર કરવો, તથા સૌજન્યતા હંમેશા હોવાં જ જોઈએ) કારણ કે એ આપણું ધ્યેય નથી; નૂતન ચેતનામાંની એકતા એ છે આપણું ધ્યેય. અને દરેકને માટે પ્રથમ

જરૂરિયાત એ છે કે એ નૂતન ચેતનાને પ્રાપ્ત કરવા માટે તથા એમાં એકતા પ્રાપ્ત કરવા માટે દરેકે પોતાની સાધના કરવાની છે.

સાધકોમાં જે કંઈ ખામીઓ હોય તે ઊર્ધ્વના પ્રકાશ દ્વારા જ દૂર થવી જોઈએ – સાત્ત્વિક નિયમ, ફક્ત એને અનુકૂળ થયેલી પ્રકૃતિઓને જ બદલી શકે. (CWSA : 35 : 600-601)

*

## આશ્રમની રચના

શ્રી અરવિન્દ તથા શ્રી માતાજી બંનેના એ મતલબનાં થોડાં ઉચ્ચારણો છે જે એમ દર્શાવે છે કે તેઓ ખરેખર ગુરુ બનવા આતુર ન હતાં અને છતાં ઘટનાઓના સ્વાભાવિક ક્રમાનુસાર જ્યારે એ જવાબદારી તેઓના શિરે આવી પડી ત્યારે તેઓ બંને એને અનુરૂપ બની રહ્યાં. આશ્રમની રચનાની બાબતમાં પણ કંઈક આવું જ બન્યું હતું. એની રચના માટે સભાનપણે કોઈ યોજના ઘડવામાં આવી ન હતી અને શરૂઆતથી જ એ પ્રકારનો ઇરાદો પણ રાખવામાં આવ્યો ન હતો. શ્રી અરવિન્દના નીચે મુજબના નિવેદન પરથી એ અંગેનો ખ્યાલ આપણને આવી જાય છે.

> *'શરૂઆતમાં આશ્રમ ન હતો, માત્ર થોડા લોકો શ્રી અરવિન્દની સમીપ રહેવા માટે તેમ જ યોગનું આચરણ કરવા માટે આવ્યા હતા. શ્રી માતાજી જ્યારે જાપાનથી પાછાં ફર્યાં ત્યારબાદ થોડા સમય પછી આશ્રમની રચના થઈ હતી અને તે શ્રી માતાજીની કે શ્રી અરવિન્દની એ માટેની ઇચ્છા હતી અથવા તો તેઓએ એ માટેની યોજના ઘડી હતી એટલે એ થઈ હતી એમ ન હતું. એ રચના થઈ હતી સાધકોની અભીપ્સાને લઈને, કે જેઓ પોતાનું સમગ્ર આંતર તેમ જ બાહ્ય જીવન શ્રી માતાજીને સમર્પિત કરવા માગતા હતા'*

શ્રી અરવિન્દ તથા શ્રી માતાજીના મનમાં ભારતીય પરંપરા પ્રમાણેના આશ્રમની રચનાનો ખ્યાલ હતો જ નહિ. હા, તેઓ એ ઇચ્છતાં હતાં ખરા કે એક એવી આધ્યાત્મિક પ્રયોગશાળાની સ્થાપના કરવામાં આવે કે જેમાં એક નૂતન, પૂર્ણ દિવ્ય જીવનનો પ્રયોગ એટલા મોટા પાયા ઉપર થાય કે જેટલો મોટો પ્રયોગ અગાઉ કદી થયો ન હતો. જોકે અહીં પણ ઈશ્વર સાક્ષાત્કાર માટે ગુરુ તથા શિષ્યો ભેગાં મળ્યાં હતાં, જેને લઈને એ વ્યવસ્થાને 'આશ્રમ' કહી શકાય, (શ્રી અરવિન્દે એ વ્યવસ્થા માટે 'આશ્રમ' શબ્દનો સ્વીકાર થોડા હિચકાટ બાદ કર્યો હતો) તેમ છતાં એનું સ્વરૂપ મૂળભૂત રીતે જુદા પ્રકારનું હતું. (શ્રી માતાજી (સંક્ષિપ્ત જીવનચરિત્ર : ૪૩)

*

## યોગ કરવાનો નિર્ણય

શ્રી અરવિન્દનો યોગ કરવો એટલે પોતાની જાતનું સંપૂર્ણ રૂપાંતર કરવું; જીવનમાં એવો હેતુ રાખવો કે તે યોગથી બીજું કાંઈ જીવનમાં છે જ નહિ, તે એકલી જ વસ્તુ કરવા યોગ્ય છે. એટલે માણસને પોતામાં સ્પષ્ટપણે લાગે કે મારે આ યોગ કરવો છે કે નહિ. જો તે યોગ ન કરવા માગતો હોય, તો પણ તેના જીવનમાં શુભ સંકલ્પ હોઈ શકે, સેવામય અને સમજવાળું

જીવન હોય, સિદ્ધ કરવાના કાર્ય માટે તે વધારે સહેલાઈથી પરિશ્રમ કરે, તો તેવો માણસ ઘણી વસ્તુઓ કરી શકે. પણ તે વસ્તુઓ અને આ યોગ કરવા વચ્ચે મહાન તફાવત છે.

યોગ કરવા માટે તમારામાં સભાનતાપૂર્વક તે કરવાની ઇચ્છા હોવી જોઈએ, શરૂઆત કરવા માટે યોગ શું છે તે તમારે જાણવું જોઈએ, તેને વિશે તમારે નિર્ણય કરવો જોઈએ. પણ એક વાર નિર્ણય કર્યા પછી તમારે આનાકાની ન કરવી જોઈએ, વિચલિત ન થવું જોઈએ. તેથી તમારે તે વસ્તુને પૂરેપૂરી સમજીને સ્વીકારવી જોઈએ. જ્યારે તમે એમ કહો કે મારે યોગ કરવો છે, ત્યારે તમે શેનો નિર્ણય કરો છો તે જાણવું જોઈએ; તેથી તો હું તમારા પર તે બાબતમાં કોઈ દબાણ કરતી નથી. હું તે યોગ વિશે વાત કરી શકું. ઓહ, હું તે વિશે તમને ઘણું ઘણું કહું છું, તે સાંભળવા માટે તમે અહીં આવતા હો છો. પણ વ્યક્તિગત રીતે તો હું તેને જ વાત કરું છું કે જે આવીને મને કહે છે કે આ યોગ વિશે મારી પાસે મારો પોતાનો વિચાર છે, અને હું આ યોગ કરવા માગું છું. તે સારું છે.

પછી તેમને માટે તે યોગ એક જુદી જ વસ્તુ છે, જીવનની પરિસ્થિતિઓ આંતરિક રીતે ભિન્ન હોય છે. અંદર વસ્તુઓ પરિવર્તિત બનતી જાય છે.

ચેતના સતત પરિસ્થિતિને સુધારવા માટે કાર્ય કરવા લાગે છે, જે પરિસ્થિતિ હંમેશાં તમને અવરોધોની સમક્ષ મૂકતી હોય છે, જે અવરોધો તમને પ્રગતિ કરતાં રોકે છે, તમારી પોતાની ભૂલો અને અંધતા સાથે અફળાવે છે તેને સુધારવા જેમણે યોગ કરવાનો નિર્ણય લીધો હોય છે, તેમને માટે જ આ ચેતના કાર્ય કરે છે; બીજાઓ માટે આ ચેતના એક પ્રકાશ પેઠે, જ્ઞાન પેઠે, રક્ષણ પેઠે, પ્રગતિની શક્તિ પેઠે કાર્ય કરે છે, જેથી તેઓ પોતાની વધુમાં વધુ શક્તિઓ પ્રાપ્ત કરી શકે, શક્ય તેટલા અનુકૂળ વાતાવરણમાં બને તેટલો વિકાસ સાધી શકે - (યોગ કરવો કે શક્તિ પ્રાપ્ત કરવી) પણ તે ચેતના તેમને તેમની પસંદગીમાં તદ્દન મુક્ત રાખે છે.

નિર્ણય અંદરથી આવવો જોઈએ. જે લોકો યોગ શું છે તે સમજીને યોગ સભાનતાપૂર્વક કરવા માટે આવે છે, તેમને અહીં જીવવા માટેની શરતો આ છેઃ બહારની દૃષ્ટિએ કોઈ ભેદ નથી, પણ આંતર દૃષ્ટિએ તેમાં ખૂબ મોટા ભેદો છે. ચેતનામાં એક પ્રકારની એવી અનિવાર્યતા હોય છે કે જે તેમને માર્ગમાંથી ચસકવા દેતી નથી. તેઓ જે ભૂલો કરે છે તે તરત જ, પોતાનાં પરિણામો સાથે, તેમને દૃષ્ટિગોચર થઈ જાય છે, તે પરિણામો એવાં બળવાન હોય છે કે જે તેમને સમજવામાં ભૂલ કરવા દેતાં નથી; વસ્તુઓ બહુ ગંભીર બની જાય છે. પણ આવું વારંવાર બનતું હોતું નથી. (શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : ૨૦૩-૨૦૪)

*

વ્યક્તિ કઈ અવસ્થાએ સામાન્ય જીવનનો ત્યાગ કરી દઈ અહીં આશ્રમમાં પ્રવેશી શકે છે એ બાબતે કોઈ સામાન્ય નિયમ નથી. પ્રત્યેક કીસ્સામાં વ્યક્તિગત જરૂરિયાત અને વ્યક્તિને માટે આ પગલું ભરવાનો જુસ્સો અને શક્યતા અથવા તો યોગ્યતા ઉપર એ આધારિત હોય છે. છેવટનો નિર્ણય શ્રી માતાજી કરે છે. (CWSA : 35 : 592-93)

*

## અહીં (આશ્રમમાં) રહેવું સહેલું નથી

બાહ્ય દેખાવો ઉપરથી નિર્ણયો બાંધી લેશો નહિ અને લોકો જે કહે તે સાંભળશો નહિ, કારણ આ બન્ને વસ્તુઓ ખોટે રસ્તે દોરી જાય છે. અલબત્ત, તમને જવાનું જો જરૂરી લાગે તો તમે જઈ શકો છો. બાહ્ય દૃષ્ટિબિંદુએ તો જવું એ સાચે જ ડહાપણભર્યું લેખાશે.

અહીં રહેવું એ સહેલું નથી. આશ્રમમાં બાહ્ય શિસ્ત નથી અને દેખીતી કોઈ કસોટી પણ નથી. પરંતુ આંતર કસોટી એકદમ કડક અને સતત રહેતી હોય છે. અહીં રહેવાને શક્તિમાન બનવા માટે, વ્યક્તિએ અહંકાર તેમ જ મિથ્યાભિમાન પર વિજય મેળવવા માટેની અભીપ્સામાં ખૂબ સચ્ચાઈભર્યા બની રહેવું પડે છે.

પૂર્ણ સમર્પણ બાહ્ય રીતે જબરદસ્તીથી લાદવામાં આવતું નથી, પરંતુ જેઓને અહીં ટકી રહેવું હોય તેઓને માટે એ અનિવાર્ય છે, તેમ જ સમર્પણની સચ્ચાઈની કસોટી કરવા માટે ઘણી વસ્તુઓ આવે છે. જો કે, જેઓ કૃપા અને મદદ માટે અભીપ્સા સેવે છે તેઓને માટે તે હંમેશાં હોય છે જ અને એ કૃપા તથા મદદને જ્યારે શ્રદ્ધા અને વિશ્વાસ સહિત ગ્રહણ કરવામાં આવે છે ત્યારે તેની શક્તિ અમાપ હોય છે. (CWM : 13 : 111)

*

## આશ્રમમાં ભૌતિક જીવનના આધારો

અહીં, ભૌતિક જીવનના ફક્ત બે શક્ય આધાર છે. પ્રથમ એ કે, આ આશ્રમ, જેની સ્થાપના આત્માર્પણ તથા સમર્પણના સિદ્ધાંત પર થઈ છે, તેનો પોતે સભ્ય છે એવું સાધક અનુભવે. બીજું, પોતે પ્રભુના છે, અને પોતાની પાસે જે કંઈ છે તે પણ પ્રભુનું છે. સમર્પણ કરતી વખતે પોતે જે કંઈ આપે છે તે પોતાનું નથી હોતું પણ પ્રભુનું જ હોય છે. ચૂકવણી કે વળતરનો પ્રશ્ન જ ઊભો થતો નથી, સોદા જેવું અહીં કંઈ છે જ નહિ. માગણી અને કામનાઓને અહીં સ્થાન જ નથી. આશ્રમની સઘળી જવાબદારી શ્રી માતાજીને શિરે છે અને તેઓ પ્રાપ્ય સાધનો તથા સાધનોની ક્ષમતાના પ્રમાણમાં શક્ય એટલી શ્રેષ્ઠ રીતે બધું આયોજન કરે છે. સાધકોની માગણીઓ, પ્રાણમય ઇચ્છાઓ, તથા માનસિક ધોરણો અનુસાર કાર્ય કરવા તેઓ બંધાયેલાં નથી; સાધકો સાથેના તેમનાં કાર્યમાં તેઓ લોકશાહી ઢબની સમાનતા અપનાવવા પણ બંધાયેલાં નથી. એમની દૃષ્ટિએ દરેક સાધકની સાચી જરૂરિયાત શું છે, અથવા એની આધ્યાત્મિક પ્રગતિ માટે શ્રેષ્ઠ શું છે, તે મુજબ દરેક સાધક સાથે કાર્ય કરવા માટે તેઓ મુક્ત છે... અંગત માગણીઓ અને કામનાઓને એમની પર લાદી શકાય નહિ... આ આધ્યાત્મિક સાધના છે, અને (માતાજી) જે દિવ્ય સત્યને ધારણ કરી રહ્યાં છે, એ સત્યના જેઓ પ્રતિનિધિ છે, તેઓ આ સાધનાનું કેન્દ્રબિંદુ છે. કાં તો તેઓ (માતાજી) દિવ્ય સત્યનું મૂર્તિમંત સ્વરૂપ છે, અને આ બધું (અહીંની વ્યવસ્થા) સરળ, ને બુદ્ધિગમ્ય છે, અથવા તો તેઓ એ નથી, અને પછી કોઈને અહીં રહેવાની જરૂર જ રહેતી નથી. દરેક વ્યક્તિ પોતાને મનફાવે તેમ વર્તી શકે છે અને પછી આશ્રમ કે યોગ જેવું કંઈ રહેતું જ નથી.

બીજી રીતે, વ્યક્તિ જો આશ્રમમાં સભ્ય બનવા, તેમજ એની શિસ્ત પાળવા તૈયાર ન હોય અને છતાં યોગમાં કોઈ સ્થાને એને પ્રવેશ આપવામાં આવ્યો હોય તો તે આશ્રમથી અલગ રહે છે અને પોતાનો નિભાવ જાતે કરી લે છે. પછી સ્થૂળ કક્ષાએ એને માટે કોઈ શિસ્તનું પાલન કરવાનું રહેતું નથી. (CWSA : 32 : 374-75)

*

## પૃથ્વીનું પ્રતીકાત્મક પ્રતિનિધિત્વ

વિચાર એ છે કે પૃથ્વી સમગ્રતયા એનાં સર્વ રૂપોમાં તૈયાર થવી જ જોઈએ; જે લોકો રૂપાંતર માટે જરા પણ તૈયાર નથી એવા લોકોનો પણ એમાં સમાવેશ થાય છે. પૃથ્વી પરના સર્વ તત્ત્વોનું પ્રતીકાત્મક પ્રતિનિધિત્વ હોવું જ જોઈએ, જેમની અંદર કડી પ્રસ્થાપિત કરવા માટે આપણે કાર્ય કરી શકીએ. પૃથ્વી વિશ્વનું પ્રતીકાત્મક પ્રતિનિધિત્વ કરે છે. અને સમુદાય કરે છે પૃથ્વીનું પ્રતીકાત્મક પ્રતિનિધિત્વ.

મેં અને શ્રી અરવિન્દે આ બાબતે ૧૯૧૪માં (ઘણા સમય અગાઉ) ચર્ચા કરી હતી અને અમે બે શક્યતાઓ નિહાળી હતી : (૧) આપણે જે હાલ કરી રહ્યાં છીએ તે. અને (૨) અથવા તો એકાંતમાં જગતથી અલગ થઈ જવું અને જ્યાં સુધી અતિમનસ પ્રાપ્ત ન થઈ જાય ત્યાં સુધી જ નહિ પણ ભૌતિક રૂપાંતર શરૂ થઈ જાય ત્યાં સુધી એકાંતમાં જ રહેવું. પરંતુ શ્રી અરવિન્દે યોગ્ય રીતે જ જણાવ્યું હતુંઃ આપણે આપણી જાતને જગતથી અલગ કરીશું નહિ. કારણ, તમે જેમ પ્રગતિ કરો છો તેમ તમે વધુને વધુ વિશ્વવ્યાપક બનતા જાવ છો અને પરિણામ સ્વરૂપ તમે બોજો તમારી ઉપર લઈ લેતા હો છો....

અને જીવનનો પોતાનો પ્રતિભાવ પણ એ જ રહ્યો કે એવા લોકો આગળ આવ્યા કે કેન્દ્રસ્થ ભાગની રચના થઈ ગઈ. અલબત્ત, અમે એ સ્પષ્ટપણે જોયું જ હતું કે આ વસ્તુ કાર્યને થોડું જટિલ તેમ જ મુશ્કેલ બનાવી દેશે (એ મને ભારે જવાબદારી, પ્રચંડ ભૌતિક કાર્ય સોંપે છે) પણ બધી રીતે જોતાં — કાર્ય માટે — એ અનિવાર્ય અને અવશ્યંભાવિ છે. અને અમે પછીથી જે નક્કી કરી શક્યાં તે ખરું જ છે કે પ્રત્યેક વસ્તુ (કે વ્યક્તિ) એક સાથે શક્યતા તેમ જ એક ખાસ મુશ્કેલી, જેનું નિરાકરણ લાવવાનું રહે છે, તેનું પ્રતિનિધિત્વ કરતી હોય છે.

(The Mother : Conversations with a disciple : September 20, 1960)

*

## સામૂહિક કાર્ય અને સહિયારો યોગ

પૃથ્વી માટેના કાર્ય (જેનો અર્થ વ્યક્તિગત રૂપાંતર કરતાં કઈ વધુ)થી અલગ એવું વ્યક્તિગત એકાકી રૂપાંતર ન તો શક્ય છે, ન તો ઉપયોગી. (એ પણ ખરું કે કોઈ પણ વ્યક્તિગત માનવ સ્વરૂપ ન તો પોતાની શક્તિ માત્રથી રૂપાંતર સિદ્ધ કરી શકે છે. અને વ્યક્તિગત અતિમાનવનું સર્જન કરવું એ પણ યોગનો હેતુ છે નહિ) યોગનો હેતુ છે પૃથ્વી ઉપર અતિમનસ ચેતનાને નીચે ઉતારી લાવવી, એને ત્યાં સ્થાપી દેવી અને એ અતિમાનસ ચેતના વ્યક્તિગત તેમ જ

સામૂહિક જીવન (આંતર અને બાહ્ય બંને)નું નિયંત્રણ કરે એ સિદ્ધાંત પર નૂતન માનવજાતિનું સર્જન કરવું. અને માટે જ આશ્રમનું સર્જન — એને લઈને વ્યક્તિ માટે કે આપણે માટે, જે કંઈ મુશ્કેલીઓનું સર્જન થયું હોવા છતાં — અનિવાર્ય હતું. એને માટેની પદ્ધતિ હતીઃ માનવ સ્વરૂપમાં (આશ્રમના સભ્યો દ્વારા જેનું પ્રતિનિધિત્વ થયું હતું) પૃથ્વીની ચેતનાને તૈયાર કરવી. (સાથેસાથે સામાન્ય પાર્થિવ ચેતનામાં પણ અમુક કાર્ય કરવું) જેથી કરીને અતિમાનસ શક્તિનું અવતરણ શક્ય બને. વ્યક્તિગત સાધકોની પોતપોતાની તૈયારી મુજબ એ અતિમાનસ શક્તિની સ્વીકૃતિ શારીરિક જગતમાં અતિમાનસ ચેતનાને પ્રસ્થાપિત કરશે અને એ રીતે અતિમાનસ શક્તિ પોતાના વિસ્તરણ માટે કેન્દ્રસ્થ ભાગનું સર્જન કરશે.

(CWSA : 28 : 296)

*

આ આશ્રમ બીજા આશ્રમો જેવો નથી — આશ્રમવાસીઓ સંન્યાસી નથી; મોક્ષ એ અહીંના યોગનું એકમાત્ર લક્ષ્ય નથી. અહીં જે થઈ રહ્યું છે એ છે એક કાર્ય માટેની તૈયારી — એવું કાર્ય જે યૌગિક ચેતના તથા યોગશક્તિ પર આધારિત હશે, — એ સિવાયની બીજી કોઈ વસ્તુ પર એ આધારિત હશે નહિ. દરમિયાનમાં અહીં, પ્રત્યેક આશ્રમવાસી પોતાની આધ્યાત્મિક તૈયારીના ભાગરૂપે આશ્રમમાં કંઈક કાર્ય કરતા રહે એવી એમની પાસે અપેક્ષા રાખવામાં આવે છે.

(CWSA : 29 : 232)

*

### ધ્યેય, પરિસ્થિતિઓ અને સાધનાના નિયમો

સામાન્ય સાધનાઓનું લક્ષ્ય છે પરમ ચેતના (સત્-ચિત્-આનંદ) સાથે એકતા સાધવી. અને જે લોકો એ ચેતનામાં પહોંચી જાય છે તેઓ પોતાના વ્યક્તિગત મોક્ષથી સંતુષ્ટ થઈ જાય છે અને જગતને તેઓ તેની દુઃખદ સ્થિતિમાં છોડી જાય છે. આનાથી ઊલટું, શ્રી અરવિન્દના યોગની સાધના, જ્યાં બધી સાધનાઓ પૂરી થાય છે ત્યાંથી શરૂ થાય છે. પરમ તત્ત્વ સાથે એકતાની અનુભૂતિ થતાં વ્યક્તિએ તે અનુભૂતિને બાહ્ય જગતમાં નીચે સુધી લઈ આવવાની રહે છે અને જ્યાં સુધી પૂર્ણ રૂપાંતર શક્ય ન બને ત્યાં સુધી આમ કરતાં રહી પૃથ્વી પરના જીવનને અને એની અવસ્થાને બદલતાં રહેવાનું છે. આ ધ્યેયને લક્ષ્યમાં રાખી પૂર્ણયોગના સાધકો જગતમાંથી નિવૃત્તિ લઈને ફકત મનનની અવસ્થામાં કે ધ્યાનમગ્ન દશામાં જ નથી રહેતા. દરેક વ્યક્તિએ પોતાના સમયનો ત્રીજો ભાગ ઉપયોગી કાર્ય માટે આપવો જ જોઈએ. આશ્રમમાં જીવનને લગતી બધી પ્રવૃત્તિઓને સ્થાન છે અને દરેક વ્યક્તિ પોતાના સ્વભાવને માફક આવતી પ્રવૃત્તિ પસંદ કરી શકે છે. સાથે જ પૂર્ણયોગના પૂર્ણ રૂપાંતરના લક્ષ્યને ધ્યાનમાં રાખી દરેકે એ પ્રવૃત્તિ નિઃસ્વાર્થ વૃત્તિથી તેમ જ સમર્પણ ભાવથી કરવાની છે.

આ હેતુને પરિપૂર્ણ કરવા આશ્રમની સ્થાપના થઈ છે. જેથી અંતેવાસીઓની જરૂરિયાતો પૂરી પડી શકે અને તેઓના ભરણપોષણની પણ ચિંતા રહે નહિ.

આશ્રમમાં નિયમો બહુ ઓછા છે જેથી દરેક પોતાના વિકાસ માટે જરૂરી એવી સ્વતંત્રતાનો આનંદ માણી શકે; પરંતુ કેટલીક વસ્તુઓની સખતાઈપૂર્વક મનાઈ ફરમાવવામાં આવી છે : તે છે (૧) રાજકારણ (૨) ધૂમ્રપાન (૩) આલ્કોહોલિક પીણાં અને (૪) કામવાસનાનો આનંદ.

સારી તંદુરસ્તી અને સુખાકારી જાળવવા માટે, નાનાં તથા મોટાં, યુવાન તથા વૃદ્ધો, બધાંની ખૂબ જ સંભાળ આશ્રમમાં રાખવામાં આવે છે. (CWSA : 13 : 107-08)

*

## આશ્રમને વીંટળાઈ રહેલા શ્રી કૃષ્ણ

*ભૂરો જાંબુડિયો રંગ દર્શાવે છે શ્રી કૃષ્ણના રક્ષણનો ઝળહળતો પ્રકાશ — અને એટલે જ એકદમ સ્વાભાવિકપણે એનાથી તમારી અંદર શાન્તિનો ભાવ પ્રકટ થયો છે. શ્રી માતાજી જણાવે છે કે તેઓ જ્યારે શ્રી કૃષ્ણ સાથે મિત્રતાનો ભાવ રાખતા હતા ત્યારે હંમેશાં એમને એ ભૂરો જાંબુડિયો રંગ દેખાતો હતો. અને હાલ પણ એ એ રંગ આશ્રમને વીંટળાઈ રહેલો છે તેવું સતત તેઓ જોઈ રહ્યાં છે.*

(CWSA : 30 : 157)



**શ્રી માતાજી એ નિરાકાર ઈશ્વર છે એમ માની એમના ઉપર ધ્યાન કરવું એ સારું ધ્યાન છે અને એને ચાલુ રાખી શકાય; પરંતુ ધ્યાનની પૂરી અસર માટે આ યોગમાં એ પૂરતું નથી. હૃદયકેન્દ્રમાં શ્રી માતાજીની વ્યક્તિતા ઉપર ધ્યાન કરવું પણ જરૂરી છે...**

**શ્રી અરવિન્દ** (CWSA : 32 : 65)

# આશ્રમનું વાતાવરણ

આપણે અહીં છે એવા સ્થળનો દાખલો લો. જ્યાં વિશેષ પ્રકારની શક્તિઓ અને આંદોલનો સભર ભરેલ છે; આ આંદોલનો પોતાને જોઈ શકાય તેવી અને ઇન્દ્રિયગમ્ય વસ્તુઓ દ્વારા વ્યક્ત કરતાં નથી — એ પરિવર્તનો લાવી શકે છે, પણ એ પરિવર્તનો અમુક પદ્ધતિસર રીતે બને છે (જેમ બધી ભૌતિક વસ્તુઓ બાબતમાં બને છે તેમ), તમે લગભગ તર્કની રીતે એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં જાઓ છો અને આ તાર્કિકતા તમને એ જોવા દેતી નથી. અહીં એવી કોઈ વસ્તુ છે જે સામાન્ય જીવનમાં નથી, જે લોકોની પાસે સામાન્ય મનની દૃષ્ટિ સિવાય બીજી કોઈ દૃષ્ટિ નથી અને જે લોકો પોતે જે રીતે જોવાને ટેવાયેલા છે તે રીતે જ વસ્તુઓને બનતી, અથવા બનતી દેખાતી જુએ છે, તેઓ તમને કહેશે, 'અરે એ, એ તો તદ્દન કુદરતી વસ્તુ છે.' જો એમનામાં તદ્દન ભૌતિક દૃષ્ટિ સિવાય બીજી કોઈ પ્રકારની દૃષ્ટિ નહિ હોય, જો તેમનામાં આંદોલનના ગુણોને અનુભવી શકવાની શક્તિ નહિ હોય (કેટલાક એને અસ્પષ્ટપણે અનુભવે છે), પણ જેમનામાં એટલું અનુભવવાની શક્તિ પણ નહીં હોય, જેમનામાં તે આંદોલનને મળતી કોઈ વસ્તુ નહિ હોય, અથવા જેમનામાં એવું કાંઈ હશે પણ જાગ્રત થયેલ નહિ હોય, તેઓ અહીંનું જીવન જોઈને તમને કહેશે, 'આ પણ દુનિયાદારી ઉપરના જીવન જેવું જ છે — કદાચ તમારી પાસે તમારા પોતાના ખ્યાલો હશે, પણ એમ તો ઘણાને પોતાના ખ્યાલો હોય છે; કદાચ તમે વસ્તુઓ અમુક ખાસ રીતે કરતા હશો, પણ એમ તો ઘણા લોકો વસ્તુઓને ખાસ રીતે કરતા હોય છે. એકંદરે અહીંનું જીવન, હું જે રીતનું જીવન જીવું છું તે રીતનું જ છે...' અને હવે, એમ બનવાનો પૂરો સંભવ છે કે એક નક્કી કરેલ ક્ષણે અતિમનસનો આવિર્ભાવ થાય, એ અહીં સચેતન રૂપે ઉપસ્થિત હોય, એ પાર્થિવ તત્ત્વ ઉપર કાર્ય કરતું હોય, છતાં જે લોકો એનાં આંદોલનોની ગતિમાં સભાનપણે ભાગ નહિ લેતા હોય તેમને તે જણાશે જ નહીં. લોકો એમ કહે છે, 'જ્યારે અતિમાનસ શક્તિનો આવિર્ભાવ થશે ત્યારે અમને બરાબર ખબર પડશે, એ દેખાઈ આવશે' — એવું કાંઈ નથી. ઓછી સંવેદનશીલતાવાળા જે લોકો અહીં આવી જાય છે, અગર અહીં રહે છે; તેમને જેમ અહીંનું વાતાવરણ બહારના વાતાવરણ કરતાં જુદું જ છે એવો અનુભવ થતો નથી, તેવી જ રીતે એ લોકોને પણ કંઈ અનુભવ નહિ થાય — સોગંદપૂર્વક જણાવી શકાય એવી ચોક્કસ રીતે તમારામાંથી કોને એનો અનુભવ છે?... તમે તમારા હૃદયમાં અનુભવો, તમારા મનમાં અનુભવો, પણ એ અનુભવ પૂરતો નથી. એમાં કંઈક અસ્પષ્ટતા રહે છે, નહિ ? પરંતુ આ પ્રકારનો સ્પષ્ટ અનુભવ થવા માટે... દાખલા તરીકે, જેમ હું જાપાનથી આવી હતી ત્યારે બન્યું હતું તેમ. હું સમુદ્રમાં બોટ ઉપર હતી, કોઈ વસ્તુની હું ધારણા રાખતી ન હતી (અલબત્ત હું એક આંતરજીવનમાં મગ્ન હતી, પણ શારીરિક રીતે તો હું બોટ ઉપર જ રહેતી હતી) અને પછી એકદમ, એક ધક્કો લાગે તેવી રીતે, પોંડીચેરીથી

લગભગ બે દરિયાઈ માઈલ દૂરથી, વાતાવરણનો પ્રકાર, હું એમ પણ કહી શકું કે વાતાવરણના અને હવાના ગુણધર્મ પણ એટલા બધા બદલાઈ ગયેલા અનુભવાવા લાગ્યા કે મને ખબર પડી ગઈ કે હું શ્રી અરવિન્દના પ્રભામંડળમાં પ્રવેશ કરી રહી છું. એ એક સ્પર્શક્ષમ અનુભૂતિ હતી અને હું ગેરંટી આપી શકું છું કે જે કોઈનામાં પૂરતા પ્રમાણમાં જાગ્રત ચેતના હશે તેને આ જ રીતનો અનુભવ થશે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : ૨૪૯-૨૫૦)

*

## શ્રી અરવિન્દ વધુ સુગમ્ય થયા છે.

નિઃશંક, હવે તમે સહેલાઈથી શ્રી અરવિન્દ સાથે વહેવાર રાખી શકો છો. એવા ઘણા લોકો છે જે પોતાની જાતને શ્રી અરવિન્દના સંપર્કમાં મૂકે છે અને પોતાના પ્રશ્નોના પ્રત્યુત્તરો મેળવે છે. તેઓ આપણે માટે વધુ સુગમ્ય થયા છે અને તેઓ ખૂબ જ વધુ સક્રિય છે....

જો કશુંક બરાબર ન હોય અને તમારે એનું કારણ જાણવું હોય, અથવા તો તમે તમારી કોઈ નબળાઈથી છુટકારો મેળવવા માગતા હો, તમારે સાજા થવું હોય, સ્વચ્છ થવું હોય, શુદ્ધ થવા માટે કોઈ મુશ્કેલી દૂર કરી દેવી હોય — કોઈ પણ ઉત્તર મેળવવા માટે સમાધિ પાસે આવો અને શ્રી અરવિન્દ સમક્ષ તમારો પ્રશ્ન રજૂ કરો. તમને પ્રત્યુત્તર મળી જશે. માત્ર તેમનો ઉત્તર જ નહિ, તેમના આશીર્વાદ પણ તમને પ્રાપ્ત થઈ જશે. શ્રી અરવિન્દની કરુણા, શાંતિ અને એમનો પ્રકાશ તમને પ્રાપ્ત થઈ જશે. એમનો પ્રેમ જે સર્વશક્તિશાળી છે તે તમને ઘેરી લેશે, તમારો કબજો લઈ લેશે. એક વખત તમે તમારી જાતને પૂરેપૂરી રીતે તેમને સોંપી લેશો તો સર્વ દુર્ઘટનાઓ સામે તમને રક્ષણ પૂરું પાડવામાં આવશે. એ આના જેવું છે — એમની અસર. જેઓ સરળ છે, સત્યનિષ્ઠ છે, વિનમ્ર છે તેમની સમક્ષ તેઓ પોતાને પ્રકટ કરે છે. તેઓ ત્યાં છે, (સમાધિમાં) પૂરેપૂરા સભાન અને જગતની સર્વે પ્રવૃત્તિઓનું માર્ગદર્શન કરી રહ્યા છે.

એમની હાજરી સમાધિ આસપાસ સર્વત્ર સઘન રીતે આંદોલન રૂપે અનુભવાય છે. એમની અસર સાધકના કેન્દ્રસ્થ સ્વરૂપને ભેદીને અંદર પ્રવેશે છે, એ સ્વરૂપને સ્પર્શે છે અને સાધકની ચેતનાને આધ્યાત્મિક જીવન પ્રતિ સભાન કરે છે. અજ્ઞેયવાદી સુદ્ધાં, નાસ્તિકો, દુર્ભાવના ધરાવતા લોકો, જે લોકો કુતુહલવૃત્તિથી સમાધિની મુલાકાતે આવતા હોય છે તેઓ પણ ત્યાંની રહસ્યમય રસાયન વિદ્યા, એના કીમિયાથી આશ્ચર્યચકિત થઈને પાછા ફરે છે. એમને ત્યાં આંતર શાન્તિનો અનુભવ થાય છે. એનું કારણ એ જ કે શ્રી અરવિન્દ ત્યાં, સમાધિ આસપાસ તેમની શાન્તિ અને કરુણાની વર્ષા સતત કરતા રહે છે. લોકો જ્યારે એમની સમક્ષથી પસાર થતા હોય છે ત્યારે એમની આ શાન્તિ અને કરુણા તેમને તરબોળ કરી દે છે. શ્રી અરવિન્દની શક્તિ અને એમની સંનિધિની એ છે માની ન શકાય એવી વધુ સઘન ક્રિયા.

(Blessings of the Grace pp 121-22)

*

## સમાધિ પર શ્રી અરવિન્દ સ્વયં છે

હું જ્યારે સમાધિ પ્રતિ નજર કરું છું અને ત્યાં શું થઈ રહ્યું છે તે નિહાળું છું ત્યારે

આંખોને આંજી નાખતા પ્રકાશનો સ્તંભ, જે ઊર્જા સહિત હાલતો હોય છે તે જોઉં છું તથા એક રૂપાંતરકારી શક્તિને ત્યાં જોઉં છું ત્યારે હું ચક્તિ બની જાઉં છું. એ સ્તંભ આ મુજબ ઉપર ઊઠતો હોય છે. (શ્રી માતાજી હસ્ત વડે ઉપરની દિશામાંની ગતિ દર્શાવે છે.) એ સ્તંભ પ્રકાશના ધોધ માફક સમાધિની લંબાઈ તેમ જ પહોળાઈ જેટલા કદમાં ઝળહળાટ અને તેજ સહિત ઉપર ઊઠતો હોય છે. એ હોય છે મૂર્ત સ્વરૂપ પામતો નૂતન પ્રકાશ....

સમાધિ એ છે ધ્યાન કરવા માટેનું પવિત્ર સ્થાન. ત્યાં વાતો કરવાની નહિ. કદાપિ સમાધિ સમીપ બોલવું નહિ – એમ કરીને વ્યક્તિ ત્યાંના વાતાવરણમાં ખલેલ પહોંચાડતી હોય છે. શ્રી અરવિન્દ ત્યાં એમના ઐશ્વર્યયુક્ત દેહ સહિત વિદ્યમાન છે. એમનો એ દેહ સૂક્ષ્મ ગતિવિધિ સહિત સમગ્ર વિશ્વને પુષ્ટ કરે છે. અને આંશિક રીતે પડદા પાછળ રહેલી એમની ચેતનાનો દિવ્ય અવતરણ માટે ધીરે ધીરે આવિર્ભાવ કરતા રહે છે.

દિવ્ય શક્યતા માટેની વિદ્યમાન ખાતરી છે એમની હયાતી. દિવ્ય પ્રકાશ અને દિવ્ય શક્તિ સહિત પ્રસરી રહેલી દિવ્યતાનું એ છે વચન, એની ખાતરી – દિવ્ય આવિર્ભાવ પરત્વેની ક્રમિક આગેકૂચ અને એટલા માટે જ સમગ્ર વાતાવરણ દિવ્ય ઉન્નત શાંતિથી સભર છે. તમે સમજ્યા? તેઓ ત્યાં છે, એમના દિવ્ય દેહમાં – પોતે જ દિવ્ય બની ગયેલા સ્વરૂપે, સમગ્ર માનવજાતિના પ્રતિનિધિ રૂપે... મને એમ લાગે છે કે જે હૃદય એકલક્ષી છે, તીવ્રતાપૂર્વક જે ઈશ્વર-પ્રાપ્તિની અભીપ્સા સેવે છે, એવું હૃદય સમાધિ સમીપ ઉપસ્થિત થાય અને શ્રી અરવિન્દના – પ્રભુના પરમાનંદ સિવાય અન્ય કોઈ વસ્તુની ઇચ્છા ન સેવે તો તે એવા આનંદના પ્રદેશમાં પહોંચી જશે, જે સર્વશક્તિમાન સ્વર્ગોમાં અનુભવાતા અત્યાનંદ કરતાં ખૂબ જ સારો અને ઊર્ધ્વતર પ્રદેશ હોય છે, પૃથ્વીએ કદાપિ ન જાણેલા પ્રદેશ કરતાં પણ વધુ સુંદર, વધુ ઉચ્ચ.

શ્રી અરવિન્દના ભક્તો અને જેઓ અભીપ્સા સેવે છે – શ્રી અરવિન્દ સાથે પોતાની ચેતનાને એક કરી દેવાની સાચી અભીપ્સા સેવે છે – તેઓ, હાલ તમે મને જે રીતે જુઓ છો એટલી જ સઘન રીતે શ્રી અરવિન્દની ભવ્ય સંનિધિના પ્રતાપનો અનુભવ કરી શકશે. અને જે લોકો તેમની સાથે વાતચીત કરવા માગે છે તેમને શ્રી અરવિન્દનો પ્રત્યુત્તર એકસરખી રીતે મળતો રહેશે. (Blessings of the Grace pp 122-25)

*

**આશ્રમનું વાતાવરણ**

આશ્રમ નિવાસ નહિ, આંતરિક નજીદીકી મહત્ત્વની વસ્તુ છે.

સાચી વાત એ છે કે અહીંથી એક બળવાન શક્તિ બહારની દિશામાં જઈ રહી છે અને સ્વાભાવિકપણે કેન્દ્રમાં એ શક્તિ સૌથી વધુ બળવાન હોય છે. પણ એ ત્યાં શું અસર ઉપજાવે છે તેનો આધાર વ્યક્તિ એ શક્તિને કેવી રીતે ગ્રહણ કરે છે તેના ઉપર રહેલો છે. એ શક્તિને જો સરળ વિશ્વાસ, શ્રદ્ધા, અભિમુખતા સહિત ગ્રહણ કરવામાં આવે તો પછી એ સંપૂર્ણ

રક્ષણકર્તા તરીકે કાર્ય કરે છે. અને એ શક્તિ આ જ પ્રમાણે દૂર રહેલી વ્યક્તિ ઉપર પણ કાર્ય કરી શકે છે.

*

આશ્રમ પરિસરો કયા? આશ્રમનો સાધક જે ઘરમાં રહે છે એવા બધા ઘરોનો આશ્રમ પરિસરમાં સમાવેશ થાય છે. આ આંગણામાં આવેલા ઘરો એ જ આશ્રમ છે એ રીતે વાત કરવાની લોકોની રીત વિચિત્ર જ કહેવાય – એ અર્થ વગરની વાત છે. શું એ લોકો એમ માને છે કે શ્રી માતાજીની કે મારી અસર એક આંગણામાં જ પુરાયેલી રહેલી છે?

*

આશ્રમમાં બે પ્રકારનાં વાતાવરણો છે : એક અમારું અને બીજું સાધકોનું. જ્યારે બહારથી થોડી પણ સમજશક્તિ ધરાવતા લોકો આવે છે ત્યારે વાતાવરણમાં રહેલી ગાઢ શાન્તિ અને સ્વસ્થતાની તેમના ઉપર અસર થાય છે અને પછી તેઓ જ્યારે સાધકો સાથે વધુ પડતા ભળવા લાગે છે ત્યારે પછી એમની પેલી અસર અને એ અસરથી ઉત્પન્ન થયેલો ભાવ ફીકો પડતો જાય છે. બીજું વાતાવરણ, મંદતા અને અશાંતિનું વાતાવરણ સાધકોએ જાતે સર્જેલું હોય છે, – જો સાધકો શ્રી માતાજી પ્રતિ ખુલ્લા થયા હોત – (એમણે એ રીતે ખુલ્લા થવાનું જ હોય) તો તેઓ સ્વસ્થતાપૂર્વક તેમ જ શાંતિમાં રહેતા હોત, નહિ કે મંદતા અને અશાંતિમાં.

(CWSA 35 : 631-32)

*

***આશ્રમ શ્રી માતાજીનું સર્જન છે અને તેમના વિના તે હયાતીમાં આવ્યો હોત નહિ; શ્રી માતાજી અહીં જે કામ કરે છે તે તેમનું સર્જન છે, તે કામ તેમને આપવામાં આવ્યું નથી અને તે તેમની પાસેથી લઈ શકાય તેમ નથી.***

**શ્રી અરવિન્દ**

(CWSA 32 : 83)



હું દાદર ઉપર હતો ત્યારે મને તીવ્ર ઇચ્છા થઈ આવી હતી કે હું શ્રી માતાજીના કક્ષો જોઉં. 'ક્ષ' એ સૂચન કર્યું હતું કે સાધક જ્યારે મુશ્કેલીમાં હોય  ત્યારે તેણે શ્રી માતાજીની સમીપ જવાની માગણી કરવી જોઈએ.

પરંતુ શ્રી માતાજીની સમીપ આવવું તે આંતરિક કક્ષોમાં, બાહ્ય કક્ષોમાં નહિ. કારણ આંતરિક કક્ષોમાં સાધક હંમેશાં પ્રવેશી શકે છે. અને ત્યાં કાયમી નિવાસની વ્યવસ્થા પણ તે કરી શકે છે.

(CWSA 32 : 83) શ્રી અરવિન્દ

# પૂર્ણયોગની સાધના માટેની શરતો

**પ્રત્યેક વ્યક્તિની સાધના કરવાની પોતાની આગવી રીત હોય છે**

પ્રત્યેક વ્યક્તિની સાધના કરવાની પોતાની આગવી રીત હોય છે અને ઈશ્વર પરત્વેનો પોતાનો માર્ગ પણ પોતાનો આગવો જ હોય છે. અને દરેક વ્યક્તિએ પોતાની જાતને એવો વિચાર કરીને મુશ્કેલીમાં મૂકવાની નથી કે બીજા લોકો સાધના કેવી રીતે કરી રહ્યા છે. અન્ય લોકોની સફળતા કે અસફળતા, એમની મુશ્કેલીઓ, એમના ભ્રમો, એમનો અહંકાર, એમનો આડંબર વગેરેની કાળજી શ્રી માતાજીએ કરવાની રહે છે. શ્રી માતાજી પાસે અનંત ધીરજ છે. અલબત્ત એનો અર્થ એમ તો નથી જ કરવાનો કે શ્રી માતાજી લોકોની ખામીઓને માન્ય રાખે છે અને તેઓ જે કંઈ કરે તે બધામાં તેમને ટેકો આપે છે. ઝગડો, દુશ્મનાવટ કે વાદવિવાદ થાય તો શ્રી માતાજી એવા કોઈ પણ કીસ્સામાં કોઈનો પણ પક્ષ લેતાં નથી. અલબત્ત તેવે સમયે લોકો જે કંઈ કહે કે કરે તેને શ્રી માતાજી માન્ય રાખે છે એવું શ્રી માતાજી બધું શાન્તિથી સાંભળી લેતાં હોય એટલે માની લેવું ભૂલભરેલું છે. આશ્રમજીવન કે આધ્યાત્મિક જીવન એ રંગમંચ નથી કે જેમાં અમુક લોકો આગળ પડતો ભાગ ભજવે કે નેતાગીરી કરે. એ જીવન નથી સ્પર્ધાનું ક્ષેત્ર જેમાં વ્યક્તિએ એવો દાવો કરવાનો હોય કે પોતે અન્યની સરખામણીએ શ્રેષ્ઠ છે અથવા કોઈએ પણ પોતાની જાતને બીજાઓ કરતાં ચઢિયાતી કે શ્રેષ્ઠ માની લેવાની પણ હોતી નથી... શ્રી માતાજી બધું ચલાવી લે છે, સાધકો એકબીજાની ટીકા કરે એના ઉપર તેઓ મનાઈ ફરમાવતાં નથી. અને એવી ટીકાઓને તેઓ કોઈ મહત્ત્વ પણ આપતાં નથી જ. એ તો સાધકો જ્યારે પોતે જ આ બધી વસ્તુઓની વ્યર્થતાને સમજે અને આધ્યાત્મિક સ્તરે આ વસ્તુઓનું મૂલ્યાંકન કરે ત્યારે જ તેઓ આ બધું કરતાં અટકી જાય એવી આશા રાખી શકાય. (CWSA 32 : 398)

*

આપણે પહેલાં (આશ્રમમાં) જે ધ્યાન કરતાં હતાં તેમાં સવારે કે સાંજે જે ધ્યાન થતું હતું તેમાં હું તમારા દરેકની ચેતનાને એકરૂપ કરીને, મારાથી બની શકે તેટલી પ્રભુ પ્રત્યે ઊંચે લઈ જવાનું કામ કરતી હતી. જે લોકોમાં શક્તિ હતી, તેઓ આ ક્રિયાનો અનુભવ કરતા હતા અને એ ક્રિયામાં આગળ વધતા હતા. એ સામાન્ય ધ્યાન હતું અને એમાં અભીપ્સા કરીને પ્રભુ તરફ આરોહણ કરવાનું બનતું હતું. અહીં પ્લેગ્રાઉન્ડમાં જે કામ થાય છે તેમાં, હાજર રહેલા સર્વ લોકોને એકરૂપ કરવામાં આવે છે. તેમને ઉદ્‌ઘાટિત કરવામાં આવે છે અને તેમનામાં દિવ્ય શક્તિને નીચે લઈ આવવામાં આવે છે. આ ઊલટી ક્રિયા છે અને તેથી આ એકાગ્રતા, પેલા ધ્યાનનું સ્થાન લઈ શકતી નથી, તેમ જ પેલું ધ્યાન આ એકાગ્રતાનું સ્થાન લઈ શકે તેમ નથી. અહીં જે બને છે તે એક અસાધારણ વસ્તુ છે. પેલું બીજું, (આશ્રમમાંનું) ધ્યાન છે, એમાં એમ થતું કે હાજર રહેલા સૌની ચેતનાને એકત્રિત કરી લેવામાં આવતી હતી અને અભીપ્સાની

શક્તિ દ્વારા, તેને પ્રભુ તરફ ઊંચે લઈ જવામાં આવતી હતી; એટલે કે, તમને દરેકને તમારી પોતાની અંદર થોડીક આગળ પ્રગતિ કરાવવામાં આવતી હતી. એથી ઊલટું, અહીં હું તમને તમે જેવા છો તેવા લઈ લઉં છું. દરેક જણ એમ કહેતો આવે છેઃ 'આ અમે અમારાં આજનાં કાર્યો લઈને આવ્યાં છીએ. અમે અમારા શરીર વડે કામ કરતાં હતાં, આ રહ્યું એ શરીર; અમે અમારી સર્વ ક્રિયાઓ, જે રીતે અમે કરી છે-બરાબર તે જ રૂપોમાં, અમે જેવાં છીએ બરાબર તે જ રૂપમાં તમને અર્પણ કરીએ છીએ. અને મારું કામ એ બને છે કે હું એ બધી વસ્તુઓને એકરૂપ કરું છું, એમાંથી એક સંવાદમય સમગ્રતાવાળી વસ્તુ ઊભી કરું છું. અને, આ જે અર્પણ કરવાની ક્રિયા થાય છે ( કે જે દરેક જણ પોતપોતાની રીતે જુદી જુદી રીતે કરી શકે છે) તેના જવાબમાં આખીયે ચેતનાને ખોલી આપું છું. ગ્રહણશીલતાને વિશાળ કરી આપું છું. આ ગ્રહણશીલતાની એક એકતા રચી આપું છું અને શક્તિને નીચે લઈ આવું છું. અને એ ક્ષણે પછી તમને દરેક જણને, તમે જો ખૂબ જ શાંત અને ધ્યાનમય હશો તો કાંઈક મળતું રહેશે. તમે હંમેશાં સભાન તો નહિ રહો, પણ તમને કંઈક મળતું રહેશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : ૧૨૧)

*

(માર્ચ ૧૯૬૪માં શ્રી માતાજીને નીચે મુજબ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો.)

**પ્રશ્ન :** અને હવે આપ જ્યારે પ્લેગ્રાઉન્ડમાં એકાગ્રતા કરવાના સમયે શારીરિક રીતે હાજર રહી શકતાં નથી ત્યારે શું થતું હોય છે ?

**ઉત્તર :** હું આશા રાખું છું કે લોકોએ કંઈક પ્રગતિ કરી છે અને મદદ તથા શક્તિનો અનુભવ કરવા માટે તેઓને મારી શારીરિક હાજરીની જરૂર રહી નથી. (CWM 4 : 106)

*

## કર્મયોગની ભાવના કેળવવાની તાલીમ

અહીં જે કર્મ કરવામાં આવે છે અને જગતમાં જે કર્મ કરવામાં આવે છે તે નિશ્ચિતપણે એક જ વસ્તુ નથી. જગતમાં થતું કર્મ કોઈ પણ રીતે વિશિષ્ટપણે દિવ્ય કર્મ હોતું નથી — એ છે જગતમાંનું સામાન્ય કર્મ. પરંતુ આમ છતાં વ્યક્તિએ એ કર્મને પણ તાલીમ રૂપે સ્વીકારવાનું છે અને કર્મયોગની ભાવના કેળવવાની છે. કર્મમાં જે ખૂબ જ મહત્ત્વની બાબત છે તે કર્મનો પ્રકાર નહિ; પરંતુ જે ભાવનાપૂર્વક એ કર્મ કરવામાં આવે તે. કર્મ ગીતા જણાવે છે એ પ્રમાણે થવું જોઈએ : કામનારહિત, અનાસક્તભાવે, અણગમા વગર. અને શક્ય તેટલી પૂર્ણતાપૂર્વક કર્મ થવું જોઈએ. કુટુંબ માટે, બઢતી માટે, કે ઉપરી અધિકારીને સંતુષ્ટ કરવાના હેતુસર કર્મ થવું જોઈએ નહિ. કર્મ આપણને સોંપવામાં આવ્યું છે, એટલા ખાતર જ એ થવું જોઈએ. કર્મ એ છે આંતરિક તાલીમનું ક્ષેત્ર, એનાથી વધુ કંઈ જ નહિ. વ્યક્તિએ એ તાલીમ ત્રણ વસ્તુઓમાં લેવાની છે : સમતા, કામનારહિતતા, અને અર્પણ. કર્મને પોતાને ખાતર જ કર્મ અર્પણ કરવાનું નથી; પરંતુ વ્યક્તિની કર્મ કરવાની રીત જે છે તે વ્યક્તિએ પ્રભુને અર્પણ કરવાની છે. આ

ભાવના સહિત કર્મ કરવામાં આવે તો પછી કર્મ કયું છે એ મહત્ત્વની બાબત રહેતી નથી. વ્યકિત આ રીતે પોતાને આધ્યાત્મિક રીતે તૈયાર કરે તો પછી એ સાચી રીતે કોઈ પણ વિશિષ્ટ કાર્ય સીધું ઈશ્વરને ખાતર કરવા તૈયાર રહેશે. (CWSA 29 : 240-41)

*

## સાધક માટે એક નિયમ

તમારે માટે હું એક નિયમ આપી શકું છું : 'તમને શ્રી માતાજી પાસે છુપાવવાનું મન થાય તેવું કાંઈ પણ કરશો નહિ, બોલશો નહિ, વિચારશો નહિ.' તમને તમારી અંદર — તમારા પ્રાણની અંદર, ખરું ને ? — 'આ નાનકડી ક્ષુદ્ર વસ્તુઓને' શ્રી માતાજીના ધ્યાન ઉપર લાવવા સામે જે વાંધા ઊભા થયેલા તેનો જવાબ આમાં આવી જાય છે. આવી વસ્તુથી શ્રી માતાજીને હેરાનગતિ થશે, યા તો તેઓ આ વસ્તુઓને નજીવી ગણી કાઢશે તેવું તમારે શા માટે વિચારવું જોઈએ? જો આખુંયે જીવન યોગરૂપ બની જવું જોઈએ તો પછી તમે કઈ વસ્તુને નજીવી કે મહત્ત્વ વિનાની કહેશો? શ્રી માતાજી તમને કાંઈ જવાબ ન આપે તો પણ, તમારા કર્મ અંગેની કે આત્મવિકાસ અંગેની કોઈ પણ બાબત તમે જો સાચા ભાવપૂર્વક તેમની સમક્ષ રજૂ કરો તો વસ્તુ તેમના રક્ષણ હેઠળ મુકાઈ જાય છે, સત્યના પ્રકાશમાં મુકાઈ જાય છે, રૂપાંતરને માટે કાર્ય કરી રહેલી શક્તિનાં કિરણો હેઠળ મુકાય છે — કારણ કે તમે એ વસ્તુ શ્રી માતાજીના ધ્યાનમાં લાવો છો કે તરત જ એ કિરણો સક્રિય બને છે અને એ વસ્તુ ઉપર કામ કરવા લાગે છે. તમારી અંદરનો આત્મા અમુક વસ્તુને શ્રી માતાજી પાસે મૂકવા માટે તમને પ્રેરણા કરતો હોય તેવે વખતે તમારી અંદરની કોઈ બીજી વસ્તુ જો તમને એમ ન કરવાની સલાહ આપે તો તે પ્રાણની જ એક યુક્તિ હોઈ શકે છે. આ પ્રાણ પેલા પ્રકાશના કિરણમાંથી તેમ જ શક્તિના કાર્યમાંથી દૂર રહેવાને માટે આવો પ્રયત્ન કરતો હોય છે. (શ્રી માતાજી દિવ્ય સ્વરૂપ : ૮૫-૮૬)

*

## પ્રાણની પ્રતિક્રિયાઓ અને ઝગડાઓ

બીજાઓ જે વિચારે છે, જે કહે છે, તથા જે કરે છે એનાથી વ્યથિત થવું એ હંમેશાં નબળાઈની નિશાની છે અને એ પુરવાર કરે છે કે સમગ્ર સ્વરૂપ પૂરેપૂરી રીતે ઈશ્વરાભિમુખ થયું નથી. સમગ્ર સ્વરૂપ માત્ર ઈશ્વરની જ અસર હેઠળ નથી એની એ સાબિતી છે....

અહંકાર કદાપિ એ સમજી શકતો નથી કે જુદા જુદા લોકોમાં કાર્ય કરવાની ઈશ્વરની પદ્ધતિ અલગ અલગ છે અને એટલે જ પોતાના અહંકારયુક્ત દૃષ્ટિબિંદુથી વસ્તુઓ વિશે નિર્ણય બાંધી લેવો એ મોટી ભૂલ છે, અને એને લઈને જ ગૂંચવાડો વધતો હોય છે. આપણે મનોવિકાર તથા અસહિષ્ણુતાપૂર્વક જે કંઈ કરીએ એ દિવ્ય હોઈ શકે નહિ, કારણ કે ઈશ્વર માત્ર શાન્તિ અને સંવાદિતામાં જ કાર્ય કરે છે.

*

તમારે એ કદાપિ ભૂલવું ન જોઈએ કે મને ઝગડાઓ બિલકુલ પસંદ નથી અને હંમેશાં હું એમાં બંને પક્ષે ભૂલ હોય છે એવું માનું છું.

પોતાની લાગણીઓ, ગમાઓ, અણગમાઓ અને આવેગોથી પર થઈ જવું, એ છે અહીંની શિસ્ત.

*

## મિત્રતા અને પ્રેમ અનિવાર્ય સૂર

મૈત્રી અથવા સ્નેહ આ યોગમાંથી બાકાત કરવામાં આવતાં નથી. પ્રભુ સાથેની મૈત્રી આ સાધનામાં માન્ય થયેલો સંબંધ છે. સાધકો વચ્ચે મિત્રાચારીનું અસ્તિત્વ હોય છે અને શ્રી માતાજી તેને પ્રોત્સાહન પણ આપે છે. ફક્ત અમે એટલું જ ઇચ્છીએ છીએ કે માનવ મિત્રાચારી જે અસલામતીના પાયા ઉપર રચાયેલી હોય છે તેના કરતાં વધારે મજબૂત પાયા ઉપર તેનું સ્થાપન થાય. એ સ્પષ્ટ છે કે અમે મિત્રાચારી, ભ્રાતૃભાવ અને પ્રેમને પવિત્ર વસ્તુઓ ગણીએ છીએ અને તેથી અમે આ ફેરફાર ઇચ્છીએ છીએ. કારણ કે અમને તે દરેક ક્ષણે અહંકારની ગતિઓથી ભાંગી પડે છે એવું જોવાની ઇચ્છા નથી, તેમ જ આવેગોથી કલુષિત થયેલી કે નાશ પામેલી, ઈર્ષાઓ અને દગાઓ જે પ્રાણને લઈને બને છે તે પણ અમને જોવાની ઇચ્છા નથી.અમારે તેમને સાચી રીતની પવિત્ર અને સલામતીવાળી જોઈએ છીએ. એવી વસ્તુઓ જેનું મૂળ આત્મામાં હોય અને જેનો પાયો પરમાત્માના પહાડ ઉપર રચાયેલો હોય. આપણો યોગ સંન્યાસીનો યોગ નથીઃ તે વિશુદ્ધિનું લક્ષ્ય રાખે છે, નહિ કે ઠંડી તપસ્યાનું. આપણે જે સંવાદ માટે અભીપ્સા રાખીએ છીએ તેમાં મૈત્રી અને પ્રેમ આવશ્યક સૂરો છે. તે કોઈ મિથ્યા સ્વપ્ન નથી, કારણ કે અમે જોયેલું છે કે અપૂર્ણ અવસ્થાઓમાં પણ, કોઈ અનિવાર્ય મૂળ તત્ત્વ થોડા અંશે પણ તેના મૂળમાં હોય તો આ વસ્તુ શક્ય છે. શું તે મુશ્કેલ છે અને જૂનાં વિઘ્નો જીદ્દી રીતે હજુ પણ ચોંટી રહે છે ? પરંતુ લક્ષ્ય પ્રત્યે પૂર્ણ વફાદારી અને લાંબા પ્રયત્ન સિવાય કોઈ પણ વિજય પ્રાપ્ત થઈ શકતો નથી. ધીરજ રાખ્યા સિવાય બીજો કોઈ પણ માર્ગ નથી.

(CWSA 31 : 194-95)

*

## ગૃહસ્થ અને સંન્યાસી

અહીં ગૃહસ્થ કે સંન્યાસીનો પ્રશ્ન જ ઊભો થતો નથી, કારણ એવો તફાવત આપણે માટે અસ્તિત્વ ધરાવતો જ નથી. સામાન્ય કક્ષાના સંન્યાસીઓ માટે અહીં સ્થાન જ નથી. કારણ, આપણે જીવનથી વિમુખ થઈ જવાનું વલણ ધરાવતા નથી. ન તો આપણે ગૃહસ્થો છીએ. કારણ આપણે સામાન્ય જીવનને પાછળ છોડી દીધું છે. એ જીવનની સંસ્થાઓ અને એના હેતુઓને આપણે પાછળ છોડી દીધા છે. બે પ્રકારના લોકો અહીં રહી શકે અને સાચે જ કંઈ લાભ મેળવી શકે.

(૧) જે લોકો આધ્યાત્મિક વાતાવરણમાં તલ્લીન થઈ જઈ પરિવર્તન પામી શકે.

(૨) અને જે લોકો તૈયાર ન હોય પણ છતાં અસરને સમર્પણ કરી શકતા હોય અને એમ તૈયારી થતાં સુધી ધીરે ધીરે પ્રયત્ન કરતા રહે.

**અજમાયશનો તબક્કો**

મેં તમારો પત્ર વાંચ્યો છે અને ધ્યાનમાં લીધો છે. તમે જે તકની માગણી કરો છો તે તક તમને આપવાનો મેં નિર્ણય કર્યો છે — શરૂઆતમાં તમે આશ્રમમાં બે કે ત્રણ મહિના માટે રહી શકો છો અને એ સમજી શકો કે આ જ એ સ્થાન છે, આ જ એ માર્ગ છે જેની તમે ઝંખના કરતા હતા અને અમે પણ તમારી આધ્યાત્મિક શક્યતાઓને નજદીકી નિરીક્ષણ કરીને પારખી શકીએ કે અમે તમને કેવી રીતે શ્રેષ્ઠ મદદ કરી શકીએ અને આ યોગ આપને માટે શ્રેષ્ઠ છે કે નહિ તે પરખી શકીએ....

આ ધીરી તેમ જ મુશ્કેલ પ્રક્રિયા છે; માર્ગ લાંબો છે અને જરૂરી આધારો દૃઢ કરવા એ પણ કપરું છે. જે છે તે, જૂની પ્રકૃતિ પ્રતિરોધ કરે છે, અવરોધો ઊભા કરે છે તથા એક પછી એક મુશ્કેલીઓ ઉત્પન્ન થતી રહે છે; એમ વારંવાર થયા કરે છે, એ બધા ઉપર વિજય પ્રાપ્ત ન થઈ જાય ત્યાં સુધી એ વારંવાર પુનરાવર્તન પામતી જ રહે છે. એટલે જ આ માર્ગ પર વિચરણ કરવાનો છેવટનો નિર્ણય કરતા અગાઉ એ બાબતે નિશ્ચિત થઈ જવું જરૂરી રહે છે કે વ્યક્તિને પોતાને આ માર્ગ માટે સાદ થયો છે કે કેમ ? (CWSA 35 : 585-86)

*

અહીં સર્વ પ્રકારના અને સર્વ અવસ્થાઓસ્થિત સાધકો છે. પરંતુ જે લોકોએ પ્રગતિ સિદ્ધ કરી છે તેમને માટે પણ ખરી મુશ્કેલી જે છે તે બાહ્ય માનવને લગતી છે. જે લોકો પુરાણા આદર્શને અનુસરે છે તેમને માટે પણ તેઓએ કંઈક પ્રાપ્તિ કરી લીધી હોય તે પછી પણ સાધકનો બાહ્ય માનવ લગભગ એવો ને એવો જ રહે છે. આંતર સ્વરૂપ મુક્ત થઈ જાય છે, જ્યારે બાહ્ય સ્વરૂપ તેમ છતાં પોતાની દૃઢ થયેલી પ્રકૃતિને જ અનુસરતો હોય છે. બાહ્ય માનવ પણ — પરિવર્તન પામી જાય તો જ માત્ર આપણો યોગ સફળ રીતે થઈ શકે.

શારીરિક પ્રકૃતિના પરિવર્તન દ્વારા જ આ યોગ સિદ્ધ થઈ શકે, પ્રકૃતિના નિમ્નતમ ભાગોમાં ઉચ્ચતર પ્રકાશના અવતરણ દ્વારા જ એ થઈ શકે. અને સંઘર્ષ આ મુદ્દે જ જારી રહે છે. અહીંના મોટા ભાગના સાધકોનું આંતર સ્વરૂપ, ગમે તેટલું હજુ અપૂર્ણ હોય તેમ છતાં એ સામાન્ય માનવના આંતર સ્વરૂપ કરતાં ભિન્ન છે. પરંતુ બાહ્ય સ્વરૂપ હજુ પણ પુરાણી પદ્ધતિઓ, પુરાણી વર્તનની રીતને, ટેવોને વળગી રહેતું હોય છે. આ પરિવર્તનની જરૂરિયાત વિશે પણ ઘણા સાધકો હજુ સભાન બન્યા નથી. (CWSA 35 : 511)

*

અમારું ધ્યેય, રાજકીય કે સામાજિક નથી; અમારું ધ્યેય છે આધ્યાત્મિક. અમે જે ઇચ્છીએ છીએ એ છે : વ્યક્તિગત ચેતનાનું રૂપાંતર, કોઈ રાજ્યસત્તા કે સરકારનું પરિવર્તન એ અમારું ધ્યેય નથી. અને અમારા આધ્યાત્મિક ધ્યેયને સિદ્ધ કરવા અમે કોઈ માનવીય સાધનો (પછી

તે ગમે તેટલાં શક્તિશાળી કેમ ન હોય) માં વિશ્વાસ રાખતા નથી. અમારો વિશ્વાસ એક માત્ર ઈશ્વરકૃપામાં જ છે. (CWM 13 : 08)

*

## યોગમાર્ગ અપનાવવો

જીવન પ્રત્યે અને લોકો તરફની ઘૃણામાંથી માણસે યોગમાં આવવાનું નથી.

મુશ્કેલીઓમાંથી નાસી જવા માટે માણસે અહીં આવવું જોઈએ નહિ.

પ્રેમનું માધુર્ય અને રક્ષણ શોધવા માટે પણ યોગ નથી, કારણ કે જો વ્યક્તિ સાચું વલણ રાખે તો પ્રભુનો પ્રેમ અને રક્ષણ દરેક જગાએ આનંદથી મેળવી શકાય છે.

જ્યારે વ્યક્તિને પ્રભુની સેવામાં પોતાની જાતનું સંપૂર્ણ સમર્પણ કરવાની ઇચ્છા હોય, પ્રભુના કાર્યમાં પોતાની જાતનું સમગ્ર રીતે નિવેદન કરવાનું હોય, પોતાની જાતના અર્પણ અને સેવાના ફક્ત આનંદ ખાતર, તેના બદલામાં કોઈ પણ જાતની માગણી કરવાની ન હોય, સિવાય કે નિવેદન અને સેવાની, ત્યારે જ વ્યક્તિ અહીં આવવા માટે તૈયાર હોય છે અને અહીંનાં ખુલ્લાં વિશાળ દ્વારો તેને પ્રાપ્ત થશે.

આ જગતમાં કોઈ પણ જગાએ રહેલાં મારાં બાળકોને આપેલા આશીર્વાદ હું તમને આપું છું, ''**તમારી જાતને તૈયાર કરો, મારી મદદ કાયમ તમારી સાથે રહેશે.**''

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૮૩-૮૪)

*

## લક્ષ્યપ્રાપ્તિના સીધા માર્ગે ચાલ્યા જાઓ

હે મારાં બાળકો, મારે આ તમને કહેવું જોઈએ, મેં અનેકવાર તેની પુનરુક્તિ કરી છે કે અપવાદરૂપ સ્વતંત્રતામાં જીવો. બાહ્ય દૃષ્ટિએ કેટલીક મર્યાદાઓ છે, કારણ કે આપણે અહીં મોટી સંખ્યામાં છીએ, સમગ્ર પૃથ્વીનો આપણે મરજી મુજબ ઉપયોગ કરી શકીએ તેમ નથી, આપણે અમુક પ્રમાણમાં શિસ્તને તાબે થવું જ પડે છે, જેથી અહીં ઝાઝી ગેરવ્યવસ્થા ન થાય. પણ આંતરિક રીતે તમે એક અદ્ભુત સ્વતંત્રતામાં જીવો છો; કોઈ સામાજિક બંધન, બૌદ્ધિક બંધન, કોઈ નિયમ કશું જ હોતું નથી, પણ માત્ર પ્રકાશ છે. જો તમારામાં તે પ્રકાશનો લાભ લેવાની ઇચ્છા હોય, તો તે લાભ તમને મળે છે. જો તમારે તે પ્રકાશનો લાભ ન લેવો હોય, તો તેમ કરવામાં પણ તમે સ્વતંત્ર છો.

પણ જે દિવસે તમે પસંદગી કરો છો, દિલની સચ્ચાઈપૂર્વક યોગ કરવાનો નિર્ણય કરો છો, ત્યારે વસ્તુ બદલાઈ જાય છે. તમારે તે પ્રકાશને અને તે માર્ગને સીધાસટ અનુસરવાનું છે, તેમાંથી તમારે જરા પણ ચસકવાનું નથી. તે કોઈને મૂર્ખ બનાવતો નથી, યોગ એ કોઈ મશ્કરી, ગમ્મત નથી. જ્યારે તમે તેની પસંદગી કરો છો ત્યારે તમારે જાણવું જોઈએ કે તમે શું કરી રહ્યા છો. પસંદગી કર્યા પછી તમારે તેને ચીટકી રહેવું જોઈએ. પછી તેમાં જરા પણ આનાકાની કરવાનો, ડગુમગુ થવાનો તમને કોઈ અધિકાર નથી. તમારે સીધા આગળ ધપ્યે જ જવું જોઈએ.

હું તમારી પાસે માત્ર આટલું જ ઇચ્છું છું કે યોગ સારી રીતે કરવાનો સંકલ્પ રાખો, પ્રગતિ માટે પ્રયત્ન કરો, સામાન્ય માણસો કરતાં જીવનમાં જરાક વધારે સારા બનવાની ઇચછા રાખો. તમે મોટા થયા છો, ખૂબ ખૂબ પ્રકાશમય, સભાન, સંવાદમય સદ્‌ભાવથી પરિપૂર્ણ પરિસ્થિતિઓમાં તમે વિકાસ સાધ્યો છે; આ પરિસ્થિતિઓના પ્રત્યુત્તર રૂપે તમારે જગતમાં આ પ્રકાશની, આ સંવાદિતાની, આ સદ્‌ભાવની અભિવ્યક્તિ બનવું જોઈએ. આનું પરિણામ બહુ સરસ આવશે.

આ રૂપાંતર સિદ્ધ કરવાનો યોગ સૌથી વધારે પરિશ્રમ માગી લે તેવો છે, આ યોગ તેમને માટે છે કે જેમને એવી લાગણી થાય કે ''હું માત્ર આ યોગ કરવા માટે જ,—બીજું કશું જ નહિ,—જન્મ્યો છું, આ જ મારા અસ્તિત્વનું એકમાત્ર કારણ છે, પછી ભલે તેમાં ખૂબ મહેનત કરવી પડે, દુઃખ વેઠવું પડે, સંઘર્ષ કરવો પડે તે કોઈ મહત્ત્વનું નથી, મારે તો આ યોગ જ કરવો છે, બીજું કશું જ નહિ.'' નહિ તો હું કહીશ કે ''તમે સુખી અને સારા બનો એટલું જ હું તમારી પાસે માગું છું. સમજો, જાણે કે તમે જે પરિસ્થિતિઓમાં અહીં જીવી રહ્યા છો, તે અપવાદરૂપ છે. સામાન્ય માણસો કરતાં વધારે ઉચ્ચ, ઉદાત્ત, સાચું જીવન જીવો, જેથી આ ચેતનામાંની થોડીક ચેતના, આ પ્રકાશમાંનો થોડોક પ્રકાશ, આ સદ્‌ભાવમાંનો થોડોક સદ્‌ભાવ જગતમાં પોતાની જાતને અભિવ્યક્ત કરી પ્રકટ કરી શકો તે બહુ સારી વસ્તુ બનશે.''

પણ એક વાર તમે યોગના માર્ગ પર પગ મૂકો તો પછી તમારામાં લોઢા જેવો અફર નિર્ણય હોવો જોઈએ, ગમે તે ભોગે પણ તમારે લક્ષ્યપ્રાપ્તિના માર્ગે સીધા ચાલ્યા જવું જોઈએ.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : ૨૦૪-૦૬)

*

## શ્રી માતાજીની પદ્ધતિ

તમારામાંના ઘણાખરા એવી નાની ઉમ્મરે અહીં આવ્યા હતા કે જ્યારે આધ્યાત્મિક જીવનના અથવા આધ્યાત્મિક બોધના કોઈ સવાલ જ ઉપસ્થિત થઈ શકે તેમ ન હતું. તે વખતે તમે બહુ નાના હતા. તમે અહીંના વાતાવરણમાં રહ્યા છો, પણ તેની સભાનતા વિના જ. તમે મને જોવાથી, મારી વાતો સાંભળવાથી ટેવાઈ ગયા છો. હું જેમ કોઈ બાળકો સાથે વાતો કરે તેમ તમારી સમક્ષ બોલું છું. જેમ કોઈ બાળકો સાથે ખેલે તેમ હું તમારી સાથે ખેલી છું, તમારે માત્ર અહીં આવીને બેસવાનું જ હોય છે. અને તમે મારી વાતો સાંભળતા હો છો. તમારે માત્ર સવાલ પૂછવાનો હોય છે અને હું તેનો જવાબ આપતી હોઉં છું, મેં કોઈને કોઈ સવાલનો જવાબ આપવાની ના પાડી નથી. આ બધું બહુ સહેલું છે. તમારે માત્ર જીવવાનું, ઊંઘવાનું, ખાવાનું, વ્યાયામ કરવાનું અને શાળામાં ભણવાનું જ હોય છે. તમે બીજે ક્યાંય પણ રહી શક્યા હોત તેમ અહીં રહો છો. તેથી તમે ટેવાઈ ગયા છો.

જો મેં કડક નિયમો બનાવ્યા હોત, જો મેં એમ કહ્યું હોત કે ''જ્યાં સુધી તમે જાણવા માટે સાચો પ્રયાસ કર્યો નહિ હોય, ત્યાં સુધી હું તમને કાંઈ જ કહેવાની નથી,'' તો તમે કદાચ કાંઈક

પ્રયાસો કર્યા હોત. પણ હું તે વિચારની નથી. હું કડક ઉપદેશની શક્તિ કરતાં વાતાવરણની અને દૃષ્ટાંતની શક્તિમાં વધારે માનું છું. પદ્ધતિસરના, અભ્યાસપૂર્વકના પ્રયાસ કરતાં હું સંપર્ક દ્વારા અસ્તિત્વમાં જાગૃતિ આવે તેમાં વધારે માનું છું.

કદાચ કોઈક વસ્તુની તૈયારી થઈ રહી છે, એક દિવસ તે સપાટી પર બહાર દેખાશે. હું તેવી આશા રાખું છું. (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૩૪૧)

*

## બાહ્ય દેખાવોથી દોરવાશો નહિ

સ્વાભાવિક રીતે, અભાનપણે, ભગવાન પોતાના ખ્યાલને અનુરૂપ બને એમ માણસો આગ્રહ સેવતા હોય છે. કારણ કે તદ્દન વિચાર્યા સિવાય, સ્વયંભૂ રીતે જ તેઓ કહેતા હોય છે કે — આ દિવ્ય છે અને આ દિવ્ય નથી ! તેઓ તેને વિશે શું જાણતા હોય છે ? એવા પણ લોકો હોય છે, જેમણે આ માર્ગ પર પગ પણ મૂક્યો હોતો નથી, જેઓ અહીં આવે છે, વસ્તુઓને તથા લોકોને જુએ છે, અને તમને કહે છે કે — આ આશ્રમને ભગવાન સાથે કશી લેવાદેવા નથી, તે જરા પણ દિવ્ય નથી. પણ જો તેમને પૂછવામાં આવે કે — દિવ્ય એટલે શું ? તો તેઓ જવાબ આપી શકતા હોતા નથી; તેઓ તેને વિશે કાંઈ જ જાણતા હોતા નથી. આ એક સાચી હકીકત છે કે — માણસ જેમ વધારે અજ્ઞાન, તેમ તે વધારે નિર્ણયો બાંધતો હોય છે. માણસનું જ્ઞાન જેમ જેમ વધતું જાય છે, તેમ તેમ તે વસ્તુઓ વિશે ઓછા ને ઓછા નિર્ણયો બાંધતો હોય છે અને તેમનું કથન કરતો હોય છે.

એક સમય એવો આવે છે કે જ્યારે માણસ માત્ર અવલોકન જ કરતો હોય છે; નિર્ણય બાંધવો તે તેને માટે અશક્ય બની જાય છે. માણસ વસ્તુઓ જોઈ શકે, જેવી છે તેવી, તેમના પરસ્પરના સંબંધોમાં તથા સ્થાનોમાં જોઈ શકે, પોતે અત્યારે જ્યાં છે તેનું અને પોતે ક્યા સ્થાનમાં હોવું જોઈએ તેના ભેદના ભાનપૂર્વક તે વસ્તુઓ જોઈ શકે — કારણ કે જગતમાં આ જ એક મહાન ગેરવ્યવસ્થા હોય છે — પણ તે નિર્ણય નથી બાંધતો, માત્ર અવલોકન જ કરે છે.

એક એવી ક્ષણ આવે છે કે જ્યારે માણસ એમ કહેવા અસમર્થ બની જાય છે કે — આ દિવ્ય છે અને આ દિવ્ય નથી, કારણ કે એક એવો સમય આવે છે કે જ્યારે માણસ સમગ્ર વિશ્વને સંપૂર્ણ રીતે અને સર્વ-સમાવેશક રીતે જોતો બની જાય છે. અને પરિણામે, સાચું કહીએ તો દરેક વસ્તુને વિક્ષુબ્ધ કર્યા સિવાય વિશ્વમાંથી કોઈ પણ વસ્તુને લઈ લેવી તે અશક્ય બની જાય છે.

એક બે ડગલાં આગળ જાય તો માણસને નિશ્ચિતતાપૂર્વક માલુમ પડે છે કે આપણને જે વસ્તુ ભગવાનની વિરોધી લાગતી હોય છે અને આઘાત આપતી હોય છે તે એના યોગ્ય સ્થાને મુકાયેલી ન હોવાથી તેમ લાગે છે. દરેક વસ્તુ તેને યોગ્ય સ્થાને જ બરાબર હોવી જોઈએ અને તે એટલી ચપળ અને સ્થિતિસ્થાપક હોવી જોઈએ કે — પ્રગટ થયેલા વિશ્વમાં સતત ઉમેરાતાં નવાં તત્ત્વોને તે સંવાદમય પ્રગતિશીલ સંગઠનમાં પ્રવેશ આપી શકે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૮ : ૨)

*

## બાહ્ય દેખાવોથી દોરવાશો નહિ

એવી એક સ્ત્રીનો દાખલો લો જેને ઘણા મિત્રો છે અને એ બધા મિત્રો એ સ્ત્રીની વિશિષ્ટ ક્ષમતાઓ, એના સુખદાયી સંગને લઈને તેમ જ એ લોકોને એમ લાગતું હતું કે તેઓ એની પાસેથી હંમેશાં કંઈક શીખી શકે છે એટલે એ સ્ત્રીને ચાહતા હતા. પછી એકાએક સંજોગોવશાત એ સ્ત્રી સામાજિક બહિષ્કારનો અનુભવ કરે છે – કારણ એ સ્ત્રી અન્ય કોઈ પુરુષ સાથે ગઈ હશે, અથવા એનું લગ્ન અન્ય કોઈ સાથે થયું હોય – આ બધી સામાજિક રૂઢિઓનું કોઈ મૂલ્ય હોતું જ નથી. અને એ સ્ત્રીના સર્વે મિત્રો (અલબત્ત, જે લોકો એને સાચો પ્રેમ કરતા હતા તેમની વાત હું કરતી નથી.) એના બધા જ સામાજિક મિત્રો, જે એને અગાઉ આવકારતા હતા, એ શેરીમાંથી પસાર થાય ત્યારે જે લોકો એને પ્રેમાળ સ્મિત આપતા હતા, એકાએક એ બધા અન્ય દિશામાં મુખ ફેરવી લઈ, એના પ્રતિ દૃષ્ટિ કર્યા વગર જ આગળ વધી જતા હતા. આ વસ્તુ અહીં, આશ્રમમાં જ બની છે ! હું એની વિગતો નહિ આપું. અને આવું અનેક વખત ભૂતકાળમાં બન્યું છે, સ્વીકૃત સામાજિક નિયમ સાથે કોઈ સંઘર્ષ ઉદ્‌ભવે ત્યારે જે લોકોએ ખૂબ જ પ્રેમ દર્શાવ્યો હોય, ખૂબ દયા દાખવી હોય... ઓહ ! એવા લોકો પણ કયારેક કહેતા હોય છે *'She's a lost woman !'* એ સ્ત્રી ખોટે રસ્તે ગઈ છે.

મારે એ કહેવું જ જોઈએ કે આ વસ્તુ અહીં (આશ્રમમાં) બને છે ત્યારે... બહારના જગતમાં એમ થવું એકદમ સાધારણ છે; પરંતુ અહીં જ્યારે આવું થાય ત્યારે એ મને હંમેશાં આઘાત આપનારું હોય છે. અને હું મારી જાતને જણાવું છું. 'એટલે, એ બધા હજુ એ જ કક્ષાએ છે...'

જે લોકો પોતે વિશાળ મન ધરાવે છે એવો દાવો કરનારા લોકો પણ. 'રૂઢિઓ'થી પોતે પર છે એવું માનનારા લોકો પણ તુર્ત જ સીધા એ ફંદામાં ફસાઈ જતા હોય છે. અને પોતાના અંતરાત્માને સાંત્વાના આપવા તેઓ કહેતા હોય છે : 'માતાજી, આ ચલાવી શકે જ નહિ, માતાજી આ વાતની પરવાનગી આપી શકે જ નહિ. માતાજી આવી વસ્તુ સહન કરે જ નહિ.' – બાકીની બધી વસ્તુઓમાં વધુ શૂન્યતા, ઠાલાપણું ઉમેરવા તેઓ આમ કહેતા હોય છે.

આ અવસ્થામાંથી બહાર નીકળવું એ ખૂબ જ મુશ્કેલ છે. એ ખરેખર દંભી અવસ્થા છે – સામાજિક મોભાની આ લાગણી, આ સંકુચિત માનસિકતા – કારણ કે એવી કોઈ પણ વ્યક્તિ જેની અંદર બુદ્ધિનો એક અણુ પણ હોય તે શું આ પ્રકારના પોલાણમાં પડી જઈ શકે ? જે લોકોએ વિશ્વની મુસાફરી કરી છે, અને ક્ષણ માત્રમાં એમણે જાતે એ અનુભવ્યું હોય છે કે સામાજિક રૂઢિઓ પૂરેપૂરી રીતે ત્યાંની આબોહવાની પરિસ્થિતિઓ ઉપર, ત્યાંના રિવાજો ઉપર અને સવિશેષ કાળ આધારિત હોય છે, યુગ ઉપર આધારિત હોય છે. અને એ લોકો એ બધી વસ્તુઓને સ્મિતપૂર્વક નિહાળતા હોય છે. પરંતુ સદ્‌ગુણોનું અભિમાન રાખનારાઓ .............. ઊહ !

આ છે પ્રાથમિક અવસ્થા. જ્યાં સુધી તમે આ પરિસ્થિતિથી પર ગયા નથી ત્યાં સુધી તમે

યોગ માટે અયોગ્ય છો. કારણ સાચે જ, આ પ્રકારની અવિકસિત અવસ્થામાંની કોઈ પણ વ્યક્તિ યોગ માટે તૈયાર છે એમ ગણી શકાય નહિ.

(The Mother : Conversations with a disciple, January 12, 1961)

*

## સામાન્ય જીવન જીવવું અને સ્વતંત્ર બની રહેવું

**બાળક :** પરંતુ સામાન્ય પરિસ્થિતિમાં પોતે જેવા બનવું હોય તેવા થવા માટેનો રસ્તો વ્યક્તિ કઈ રીતે શોધી શકે ?

**શ્રી માતાજી :** મારા બાળક એટલા માટે તો આશ્રમનું સર્જન કરવામાં આવેલું ! એની પાછળ એ જ વિચાર હતો. કારણ કે, ફ્રાન્સમાં, મને એ જ પ્રશ્ન થયા કરતો હતો કે પોતે પોતાની જાતને શોધી શકે તે માટે સમય ક્યાંથી લાવવો ? પોતે કઈ રીતે સ્વતંત્ર થઈ શકે તેટલું સમજવા માટેનો સમય પણ કઈ રીતે મળે ? એટલે પછી મેં વિચાર્યું કે : એક એવું સ્થળ હોવું જોઈએ જ્યાં સર્વ પ્રકારની ભૌતિક જરૂરિયાતોને પૂરતા પ્રમાણમાં પૂરી પાડવામાં આવે, કે જેથી જો કોઈને સ્વતંત્ર થવું હોય તો થઈ શકે. અને આશ્રમની સ્થાપના પાછળ આ સિવાય બીજું કોઈ કારણ ન હતું, એક એવું સ્થળ હોવું જોઈએ જ્યાં લોકોને જીવન ગાળવા માટે પૂરતી સગવડ હોય, જેથી તેમને સાચી વસ્તુ વિશે વિચારવાનો સમય મળે.

(શ્રી માતાજી હસે છે) માનવ પ્રકૃતિ એવી છે કે અભીપ્સાનું સ્થાન તમોગ્રસ્તતાએ લીધું છે, દરેકમાં એમ નથી, પરંતુ ઠીક ઠીક પ્રમાણમાં સર્વ સામાન્ય રીતે સ્વાતંત્ર્યનું સ્થાન સ્વચ્છંદ અને સ્વૈર વિહારે લીધું છે. અને આ વસ્તુ સાબિત કરે છે કે માનવજાતિ તેની સક્રિયતાની ગુલામીમાંથી પોતાને અંતઃકરણપૂર્વક ખેંચી લેવા તૈયાર થાય તે પહેલાં એને થોડાક ઉધમાતના ગાળામાંથી પસાર થવાની જરૂર રહે છે.

એટલે ખરી રીતે પ્રથમ તો એમ થવું જોઈએ કે, ''અરે, એવું એક સ્થળ શોધી કાઢવું જોઈએ જ્યાં આપણે ભૌતિક વસ્તુઓમાં મગ્ન થઈ રહ્યા વિના સાચી રીતે જીવી શકીએ, એકાગ્રતા કરી શકીએ, પોતાની જાતની શોધ કરી શકીએ.'' સૌ પ્રથમ આ રીતની અભીપ્સા હોવી જોઈએ. કંઈ નહિ તો શરૂઆતમાં તો આ જ ભૂમિકા ઉપર સાધકોની પસંદગી કરવામાં આવતી હતી, પણ એ વસ્તુ ટકી શકતી નથી ! વસ્તુઓ સરળ બની જાય છે અને લોકો પોતાની જાતને વહેતી મૂકે છે. અહીં કોઈ નૈતિક નિયમો નથી એટલે લોકો મૂર્ખતાપૂર્ણ આચરણ કરે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : ૨૨૭-૨૮)

*

## નવા આવનારાઓને સલાહ

અધ્યાપકો અને વિદ્યાર્થીઓ હવે આવવા લાગ્યા છે. કેટલાક પરદેશથી પણ આવ્યા છે. એમને માટે અહીંનાં હવાપાણી તથા આ દેશના રીતરિવાજો તદ્દન નવી વસ્તુઓ છે. આ આગન્તુકો આશ્રમમાં પહેલી વાર આવતા હોય છે અને આશ્રમનું જીવન તથા તેની રીતરસમો વિશે તેમને કશી ખબર હોતી નથી. કેટલાક અહીં સેવા કરવાની યા તો જ્ઞાન મેળવવાની

માનસિક અભીપ્સા લઈને આવ્યા હોય છે તો કેટલાક યોગ કરવાની, પ્રભુ મેળવવાની, પ્રભુ સાથે મિલન સાધવાની આશાપૂર્વક આવેલા હોય છે. કેટલાક વળી એવા પણ હોય છે કે જેમને પૃથ્વી ઉપર પ્રભુના કાર્ય માટે પોતાનું પૂર્ણ સમર્પણ કરવાની ઇચ્છા હોય છે. આ બધા પોતાના અંતરાત્માની પ્રેરણાથી દોરાઈને આવતા હોય છે. એ અંતરાત્મા તેમને આત્મ-સાક્ષાત્કાર પ્રત્યે લઈ જવા માગતો હોય છે, તેમનામાં એ અગ્રભાગે આવીને બેઠેલો હોય છે, તેમની ચેતના ઉપર એનું શાસન હોય છે. બીજા માણસો તથા વસ્તુઓ સાથેનો તેમનો સંપર્ક અંતરાત્મામાંથી રચાતો હોય છે. આવા આગન્તુકોને અહીં દરેક વસ્તુ સરસ અને સુંદર લાગે છે. તેમની તબિયત સારી થવા લાગે છે, તેમની ચેતના વધારે સ્પષ્ટ થવા લાગે છે, તેમને એક પ્રકારની શાંતિ, સુખ અને સલામતીનો અનુભવ થાય છે. તેમને લાગે છે કે પોતાની ચેતનાની મોટામાં મોટી શક્યતાઓ તેમણે હવે સિદ્ધ કરી છે. અંતરાત્માના સ્પર્શમાંથી મળતી આ શાંતિ, સભરતા અને આનંદ તેમને હવે સ્વાભાવિક રીતે જ હરેક સ્થળે, હરેક વસ્તુમાં, હરેક વ્યક્તિમાં દેખાવા લાગે છે. અને આને લીધે, અહીં વ્યાપ્ત રહેલી તથા હરેક વસ્તુનો વિકાસ રચી રહેલી સત્ય ચેતના પ્રત્યે તેઓ ખુલ્લા બને છે. આ ખુલ્લાપણું ટકી રહે છે ત્યાં સુધી તેમનામાં શાંતિ, સભરતા અને આનંદ બરાબર ભરેલાં રહે છે અને તેમાંથી તરત નીપજતાં પરિણામો પણ ચાલુ રહે છે. તેમની પ્રગતિ થતી રહે છે, તેમના શરીરની તંદુરસ્તી અને સ્વસ્થતા બરાબર રહે છે. તેમના પ્રાણમાં શાંતિ અને શુભેચ્છા આવે છે, તેમના મનમાં સ્પષ્ટ સમજશક્તિ અને વિશાળતા આવે છે અને તેમની આખી યે ચેતનામાં એક સુરક્ષિતતા અને તૃપ્તિનો ભાવ પ્રગટે છે. પરંતુ મનુષ્યને માટે પોતાના અંતરાત્મા સાથેનો સંપર્ક અખંડ ટકાવી રાખવો એ એક વિકટ કામ છે. થોડા સમય બાદ નવી આવનાર વ્યક્તિ જ્યારે અહીં ઠરીને સ્થિર થાય છે, નવા અનુભવની તાજગી ઝાંખી બનવા લાગે છે ત્યારે તેનામાંનો જૂનો માણસ પાછો સપાટી ઉપર આવવા લાગે છે. અહીં આવીને રહેલી વ્યક્તિના જૂના વ્યક્તિત્વની બધી ટેવો, પસંદગીઓ, નાનાં નાનાં ગાંડપણ, ખામીઓ, ગેરસમજૂતીઓ એ બધું પાછું તેની ચેતનામાં ઉપર તરી આવે છે. એનામાં સ્થપાયેલી શાંતિને સ્થાને હવે બેચેની આવીને બેસે છે, એનો આનંદ અદૃશ્ય થઈ જાય છે, એની સમજશક્તિ ધૂંધળી થઈ જાય છે. આ જગા પણ બીજી જગાઓ જેવી જ છે એ લાગણી તેનામાં પાછી ધીરે ધીરે દાખલ થવા લાગે છે, કારણ કે તે હવે બીજે સ્થળે હતો તેવો જ પાછો બની ગયેલો હોય છે, તેના પોતાનામાં કેટલું કામ થયેલું છે તેના ઉપર નજર ન રાખતાં તે હવે જે કામ થવાનું બાકી રહેલું છે તેના તરફ જ પોતાની દૃષ્ટિ વધુ ને વધુ, કહો કે સર્વાંશે માંડી રાખે છે. આ નવો સાધક હવે ઉદાસ બની જાય છે, અસંતુષ્ટ થઈ જાય છે, પોતાનો વાંક કાઢવાને બદલે તે બીજાઓનો, બીજી વસ્તુઓનો વાંક કાઢવા લાગે છે. અહીં તો પૂરતી સગવડો નથી, અહીંનાં હવાપાણી અસહ્ય છે, ખોરાક સારો નથી, અપચો કરે તેવો છે એવી એવી ફરિયાદો તે કરવા લાગે છે. ઊલટું, આ ફરિયાદો કરવામાં તો તે શ્રી અરવિન્દનો આધાર લઈ આવે છે. શ્રી અરવિન્દે શું એમ નથી કહેલું કે શરીર એ તો યોગ માટેનો એક

અનિવાર્ય એવો આધાર છે, એના તરફ બેદરકારી ન રાખતાં ઊલટું તેની ખૂબ જ સંભાળ લેવી જોઈએ. અને એમ કહીને સાધકની શારીરિક ચેતના કેવળ શરીરની બાબતોમાં જ તલ્લીન બની જાય છે અને શરીરને સંતુષ્ટ કરવાના પ્રયત્ન કરે છે. અને આ કાર્ય તો લગભગ અશક્ય જેવું જ છે. કારણ કે, કદાચ અમુક અપવાદો સિવાય, મોટા ભાગના માણસોની બાબતમાં તો એવું જ બને છે કે શરીરને તમે જેટલું વધુ આપો છો તેથી વધુ તે માગ્યા જ કરે છે. વળી, માણસની શારીરિક ચેતના સામાન્ય રીતે અંધ અને અજ્ઞાન જ હોય છે, તેનામાં અનેક ખોટા ખ્યાલો ભરેલા હોય છે, પહેલેથી બાંધેલા વિચારોથી, પૂર્વગ્રહોથી, પસંદગીઓ અને નાપસંદગીઓથી તે ભરેલી હોય છે. એ શરીર ચેતના પોતે એકલી શરીર ઉપર અસરકારક રીતે કામ કરી શકતી નથી. સાચી વસ્તુ સાચી રીતે કેમ કરવી એ માટેનું જરૂરી જ્ઞાન તથા સ્પષ્ટ દૃષ્ટિ તો માત્ર અંતરાત્માની ચેતનામાં જ રહેલાં હોય છે.

તો હવે આવી સ્થિતિનો શો ઇલાજ હોઈ શકે ? આપણે હવે એક દુષ્ટ ચક્રમાં ફરવા માંડીએ છીએ. આ આખી આપત્તિ ઊભી થવાનું કારણ એ છે કે આપણે અંતરાત્માથી છૂટા પડી ગયાં છીએ અને આ પ્રશ્નોનું નિરાકરણ માત્ર અંતરાત્મા જ શોધી શકે તેમ છે. એટલે આમાં માત્ર એક જ ઇલાજ રહે છે : સાવધ રહો, અંતરાત્માને બરાબર વળગી રહો, તેને પૃષ્ઠભાગમાં પાછો ચાલ્યો જવા ના દેશો, તમારી ચેતનામાંથી કોઈ પણ વસ્તુને તેની અને તમારી વચ્ચે સરી આવવા ના દેશો, અંતરાત્મા સિવાયનાં બીજાં સૂચનો પ્રત્યે તમારા કાન બંધ કરી દો અને કેવળ અંતરાત્મામાં જ તમારો વિશ્વાસ સ્થાપો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૨ : ૫૬-૫૮)

*


## દર્શન દિવસો – પહેલાંના અને હવે

જ્યારે શ્રી અરવિન્દ દર્શન આપતા હતા ત્યારે તે પહેલાં હંમેશાં અમુક શક્તિઓની અથ વા અમુક સાક્ષાત્કારની એકાગ્રતા થતી હતી, જે શક્તિઓ અથવા સાક્ષાત્કાર તે બીજા લોકોને આપવા માગતા હતા તેમની. આમ પ્રત્યેક દર્શનદિવસ એ આગળની અવસ્થા દર્શાવતો હતો. દરેક દર્શન દિવસે કશું ઉમેરવામાં આવતું હતું. પણ ત્યારે મુલાકાતીઓની સંખ્યા બહુ જૂજ હતી. અને વ્યવસ્થા બીજી જ રીતે કરવામાં આવતી હતી; તે જરૂરી તૈયારીનો એક ભાગ હતો. પણ આ ખાસ એકાગ્રતા હવે ખાસ દર્શન-દિવસો પર નહિ, પણ બીજા સમયોએ થતી હોય છે. ઘણી વાર તે બીજા સંજોગોમાં થતી હોય છે. તે ગતિ બહુ ઝડપી બનાવાઈ છે, આગેકૂચ ઝડપી બની છે, ક્રમિક અવસ્થાઓ એક પછી બીજી વધારે ઝડપથી આવતી હોય છે. કદાચ તેને અનુસરવાનું કામ વધારે કઠિન છે. જો માણસ સાવધાન ન રહે, તો તે વધારે ઝડપથી પાછો પડી જાય છે; તેને એમ લાગતું હોય છે કે હું મોડો પડ્યો, અથવા મને ત્યજી દેવામાં આવ્યો. વસ્તુઓમાં ઝડપથી પરિવર્તન થાય છે.

મારે કહેવું જોઈએ કે આ દર્શન-દિવસો પર થતો માણસોનો ધસારો આશ્રમમાં કોઈ પ્રગતિ

લાવવાનું કામ નથી કરતો; ઊલટું તે અહીંના લોકોને બહિર્મુખ બનાવે છે. આ દિવસોનો ઉપયોગ અમે જરાક જુદી રીતે કરીએ છીએ. તેમાં આગળ ધપવાનો, વિશાળતર ક્ષેત્રનું સર્જન કરવાનો, દૂર-દૂરનાં બિંદુઓને પહોંચવાનો હેતુ હોય છે. પણ એકાગ્રતા ઘટી છે. મોટી સંખ્યામાં આવતાં ટોળાંઓએ અગવડ ઊભી કરી છે. શરૂઆતમાં હતું તેના કરતાં લોકો હવે ખૂબ મોટી સંખ્યામાં અહીં આવવા લાગ્યા છે. શરૂઆતમાં આવું મોટું ટોળું અહીં આવતું નહિ, અને તેમની ગુણવત્તા પણ વધારે સારી હતી. (શ્રી માતૃવાણી ગ્રંથ ૮ : ૨૪૬)

*



## દૂર રહીને મદદ સ્વીકારવી

*તેઓ જો દૂર રહીને મદદ સ્વીકારી શકે એમ ન હોય તો પછી અહીં રહીને યોગ કરવાની તેઓ અપેક્ષા કઈ રીતે રાખી શકે ? આ એવો યોગ છે જે મૌખિક સૂચનાઓ કે કોઈ પણ બાહ્ય વસ્તુ ઉપર આધાર ન રાખતાં સાધકો પોતાને અભિમુખ કરવાની શક્તિ મેળવે અને સંપૂર્ણ શાંતિમાં શક્તિ અને અસરને ગ્રહણ કરતાં શીખે એના ઉપર આધાર રાખે છે. જે લોકો દૂર અંતરે મદદ સ્વીકારી ન શકે તેઓ અહીં રહીને પણ એમ કરી શકે નહિ. અને પોતાની અંદર શાંતિ, નિષ્ઠા, સ્વસ્થતા, ધીરજ અને ખંત દઢ કર્યા વગર યોગ થઈ શકે નહિ. કારણ યોગમાર્ગમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે; તેમ જ એ મુશ્કેલીઓને ચોક્કસપણે, પૂરેપૂરી રીતે દૂર કરી દેવામાં વર્ષોનાં વર્ષો લાગી જતાં હોય છે.*

(CWSA 35 : 97) **શ્રી અરવિન્દ**

# વિશાળતર આંતર આશ્રમ

ઘણા સમય સુધી આશ્રમ માત્ર વ્યક્તિઓનું મિલનસ્થાન હતું, દરેક જણ કોઈક વસ્તુનું પ્રતિનિધિત્વ કરતો હતો, પણ તે વ્યક્તિ તરીકે. તેમાં સામૂહિક સંગઠન ન હતું. તેઓ શતરંજના પટ પરનાં ભિન્નભિન્ન મહોરાં હતાં. તેઓ માત્ર દેખાવમાં જ સંયુક્ત હતા. તેઓ કેવળ એક જ જગ્યાએ રહેવાને કારણે, કેટલીક સામાન્ય ટેવો હોવાને કારણે, અને તે પણ થોડી જ ટેવોમાં સમાન હતા, આ કેવળ બાહ્ય હકીકતને કારણે તેઓ કાંઈક સંગઠિત કહી શકાય. દરેક જણ પોતાની શક્તિ અનુસાર પ્રગતિ કરતો હતો અથવા કરતો ન હતો. એકને બીજા સાથે ઓછામાં ઓછા સંબંધો હતા. જે વ્યક્તિઓ આ વિચિત્ર સમૂહનું નિર્માણ કરતી હતી, તેમના મૂલ્ય અનુસાર એક સામાન્ય (સર્વ સાધારણ) મૂલ્યવત્તા હતી. પણ તે મૂલ્યવત્તા ખૂબ અસ્પષ્ટ, પ્રાથમિક પ્રકારની હતી. તેમાં સામૂહિક વાસ્તવિકતા ન હતી. આ સ્થિતિ ઘણો લાંબો સમય ચાલી. તાજેતરમાં જ સામૂહિક વાસ્તવિકતાની જરૂર દેખાવા લાગી છે. તે જરૂરિયાત આશ્રમ પૂરતી જ મર્યાદિત નથી, પણ તે તેવા લોકોને પણ આલિંગી લે છે કે જેમણે ભૌતિક રીતે નહિ પણ પોતાની ચેતનામાં, પોતાને શ્રી અરવિન્દના શિષ્યો તરીકે જાહેર કર્યા છે અને જેમણે શ્રી અરવિન્દના ઉપદેશને જીવનમાં ઊતારવા પ્રયાસ કર્યો છે. અતિમાનસિક ચેતનાનું અને શક્તિનું પ્રાગટ્ય થયું ત્યારથી, તે બધા લોકોમાં એક સાચા સાંઘિક જીવનની જરૂરિયાત જાગૃત થઈ છે. જે સંઘ માત્ર કેવળ બાહ્ય ભૌતિક સંજોગો પર આધારિત નથી, પણ જે ગહનતર સત્યનું પ્રતિનિધિત્વ કરી શકે, જેને શ્રી અરવિન્દ અતિમાનસ અથવા જ્ઞાનમય સંઘ કહે તેવો બની શકે. અલબત્ત, શ્રી અરવિન્દે કહ્યું છે કે તે સંઘમાંની વ્યક્તિઓએ પોતે અતિમાનસ ચેતનાને પ્રાપ્ત કરેલી હોવી જોઈએ. પરંતુ વ્યક્તિગત પરિપૂર્ણતા પ્રાપ્ત કર્યા સિવાય પણ તેમાં આ સામૂહિક વ્યક્તિત્વનું સર્જન કરવાનો આંતર પ્રયાસ હતો. સાચી એકતા — ગહનતર ગ્રંથિ માટેની જરૂરિયાત વરતાઈ છે અને તેને સિદ્ધ કરવા માટેના પ્રયાસો ચાલુ થયા છે.

તેથી કાંઈક વિક્ષેપ થયો છે. પહેલાં વલણ ખૂબ વ્યક્તિગત હતું, જેથી કેટલીક ટેવો ઊજળી પડી છે, ભૌતિક રીતે નહિ, કારણ કે વસ્તુઓ પહેલાં હતી તેના કરતાં અત્યારે બહુ ભિન્ન નથી પણ વધારે ગહન ચેતના આવી છે. હું એ વાત પર ભાર મૂકવા માગું છું કે આણે અમુક આંતર પરસ્પર આધારનું સર્જન કર્યું છે, જેથી વ્યક્તિગત ધોરણ થોડુંક નીચે આવી ગયું છે, સિવાય તે લોકોમાં કે જેમણે આ બધાને સમાન સ્તર પર લાવવાની ગતિનો પ્રતિકાર કરી શકે તેવા બળવાન આંતર સાક્ષાત્કારને પ્રાપ્ત કર્યો હતો. તે વસ્તુ એવી છાપ ઊભી કરે છે કે સર્વસાધારણ સ્તર નીચે ઊતરી ગયું છે, પણ આ વાત સાચી નથી. પહેલાં હતું તેના કરતાં સર્વસાધારણ સ્તર ઉચ્ચતર ભૂમિકા પર ગયું છે, પણ વ્યક્તિગત સ્તર, ઘણા માણસોમાં, પહેલાંના કરતાં નીચે ગયું છે. જે વ્યક્તિઓ એક યા બીજો સાક્ષાત્કાર પ્રાપ્ત કરવા સમર્થ હતી, તેમને લાગ્યું છે કે અમારે પહેલાં જે ભાર વહન કરવો પડતો ન હતો તે હવે વહન કરવો પડે

છે. જો કે તેનું કારણ તેઓ સમજતા હોતા નથી, તે આ પરસ્પર આધારનું પરિણામ છે. ઊલટું તે એક અસ્થાયી (થોડા સમય માટેની) અસર છે, જે સુધારા પ્રત્યે, ખૂબ અનુભવી શકાય તેવી સર્વસાધારણ પ્રગતિ પ્રત્યે દોરી જશે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૧૬૫-૬૬)

*

## વિશ્વમાં રહીને યોગ કરવો વધુ મુશ્કેલ, પરંતુ વધુ પૂર્ણ

તમારો એક પગ એક બાજુએ અને બીજો પગ બીજી બાજુએ હોય તેવું ન બને તેની કાળજી રાખવી જોઈએ, બે જુદી જુદી દિશાઓમાં જતા વહાણ ઉપર આરોહણ ન કરવું જોઈએ. આ જ વસ્તુની શ્રી અરવિન્દે વાત કરી છે : તમારે ''બેવડું જીવન'' ગાળવું ન જોઈએ. તમારે એક યા બીજી વસ્તુને છોડી દેવાની રહે છે — તમે બંનેનું અનુસરણ નહિ કરી શકો.

પરંતુ આનો અર્થ એમ નથી થતો કે તમારે તમારા જીવનની બાહ્ય પરિસ્થિતિમાંથી બહાર નીકળી જવાનું છે : જે વસ્તુનું પૂર્ણપણે પરિવર્તન કરવાનું છે તે વસ્તુ તમારું આંતરિક વલણ છે. આ રીતે, તમે જે વસ્તુ કરવાને ટેવાયેલા હો એની એ જ વસ્તુ તમે કર્યે જાઓ, પરંતુ એ વસ્તુ કરવામાં અંતરનું વલણ તદ્દન જુદા પ્રકારનું રાખો, યોગ કરવા માટે તમે જીવનની સર્વ વસ્તુઓનો ત્યાગ કરીને એકાંતમાં ચાલ્યા જાઓ, કોઈ આશ્રમમાં ચાલ્યા જાઓ એ તદ્દન જરૂરી વસ્તુ નથી. હા, એ વસ્તુ સાચી છે કે તમે દુનિયામાં રહીને, દુન્યવી પરિસ્થિતિમાં યોગ કરતા હો ત્યારે એ એક વધુ અઘરું કાર્ય બની રહે છે, પણ ત્યારે એ વધુ પૂર્ણતાવાળું પણ હોય છે. કારણ કે દુનિયામાં તમારે દરેક ક્ષણે એવા પ્રશ્નોનો સામનો કરવાનો આવે છે જે વસ્તુ કોઈ વ્યક્તિ બધું છોડીને એકાંતમાં ચાલી ગઈ હોય તેને ભાગે આવતી નથી; એવી વ્યક્તિને માટે પ્રશ્નોનું પ્રમાણ ઓછામાં ઓછું હોય છે — જ્યારે દુનિયાના જીવનમાં તમારે અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવાનો પ્રસંગ આવે છે, જેમાં તમારી આજુબાજુ આવી રહેલી વ્યક્તિઓ જેમની સાથે તમારે અનેક પ્રસંગો પડતા હોય તેઓ તમને સમજી ન શકે એ વસ્તુ તમારી મુશ્કેલીઓની શરૂઆતમાં જ આવે છે; તમારે એને માટે તૈયાર રહેવાનું હોય છે, પોતાની જાતને પુષ્કળ ધૈર્ય અને અનાસક્તિ વડે સજ્જ રાખવાની રહે છે. પરંતુ યોગ કરવામાં લોકો શું કહે છે અથવા વિચારે છે તેની ફિકર રાખવાનું તમારે મૂકી દેવું જોઈએ; આ વસ્તુ તદ્દન અનિવાર્ય એવું આરંભનું બિંદુ છે. દુનિયા તમારે માટે શું ધારે છે અથવા કહે છે અને તમારી સાથે કઈ રીતનો વર્તાવ કરે છે તે બાબતમાં તમારે તદ્દન નિર્લેપ થઈ રહેવાનું છે. લોકોની માન્યતાઓ એ તમારે માટે એક તદ્દન મૂલ્ય વિનાની વસ્તુ બની રહેવી જોઈએ અને એ વસ્તુઓનો તમને લેશ પણ સ્પર્શ ન થવો જોઈએ. આટલા માટે જ યોગ કરવા માટે સર્વ વસ્તુઓનો ત્યાગ કરીને એકાંતમાં ચાલ્યા જવા કરતાં પોતાના રોજના વાતાવરણમાં રહી યોગ કરવો સામાન્ય રીતે દુષ્કર હોય છે; એમ કરવું વધુ મુશ્કેલ છે એ ખરું. પણ આપણે કંઈ સહેલી વસ્તુઓ જ કરવા બેઠાં નથી — સહેલી વસ્તુઓ તો જે લોકો રૂપાંતર વિશે વિચારતા નથી તેમને માટે આપણે છોડી દઈએ છીએ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૫૦-૫૧)

*

## આધ્યાત્મિક જીવન માટે તૈયારી કરવાની ઉત્તમ રીત

વ્યક્તિને જ્યારે સામાન્ય વ્યાવસાયિક કાર્ય અને એના વાતાવરણમાં રહેવું પડતું હોય ત્યારે આધ્યાત્મિક જીવન માટે તૈયાર થવાની શ્રેષ્ઠ રીત જે છે તે : પૂરેપૂરી સમતા અને અનાસક્તિ તેમ જ ગીતાએ જણાવેલ સમતાના ગુણો વિકસાવવા, તથા સાથે એ શ્રદ્ધા પણ કેળવવી કે ઈશ્વર છે અને સર્વ વસ્તુઓમાં ઈશ્વરનો સંકલ્પ કાર્ય કરી રહ્યો છે. ભલે હાલ એ અજ્ઞાનના વિશ્વની શરતો મુજબ કાર્ય કેમ ન કરતો હોય. આનાથી પર **પ્રકાશ** અને **આનંદ** રહેલા છે જેના પ્રતિ જીવન કાર્ય કરી રહ્યું છે; પરંતુ એ **પ્રકાશ** અને **આનંદ**નું આગમન વ્યક્તિગત સ્વરૂપ અને પ્રકૃતિમાં થાય એને માટેની શ્રેષ્ઠ રીત છે : આ આધ્યાત્મિક સમતામાં વિકાસ સિદ્ધ કરવો.

*

વ્યક્તિ જ્યારે બાહ્ય જગતમાં રહેતી હોય ત્યારે એ આશ્રમમાં જે રીતે વર્તે છે એવું વર્તન ત્યાં કરી શકે નહિ. — જગતમાં વ્યક્તિએ અન્ય લોકો સાથે ભળી જવું પડે અને અન્ય લોકો સાથે કંઈ નહિ તો બાહ્ય પ્રકારના સામાન્ય સંબંધો જાળવવા જ પડે. મહત્ત્વની વાત એ છે કે એમ કરતી વખતે લોકોએ આંતર ચેતનાને ઈશ્વર પ્રતિ ખુલ્લી રાખવાની તથા એ ચેતનામાં વિકાસ સાધતા રહેવાનું. વ્યક્તિ આમ કરતી રહે, મોટે ભાગે ઝડપી રીતે, તો સાધનાની આંતર ઉત્કટતા મુજબ અન્ય લોકો પરત્વેના વર્તનમાં સુધારો થશે.

*

સંસારનું જીવન એની મૂળભૂત પ્રકૃતિ પ્રમાણે અશાંતિનું ક્ષેત્ર હોય છે — એમાંથી યોગ્ય રીતે પસાર થઈ જવા માટે વ્યક્તિએ પોતાનું જીવન અને પોતાનાં કાર્યોને પ્રભુને સમર્પિત કરવાં જ પડે અને અંતઃસ્થ પ્રભુની શાંતિ માટે પ્રાર્થના કરવી પડે. મન જ્યારે શાન્ત થઈ જાય છે ત્યારે વ્યક્તિને એ અનુભવ થાય છે કે શ્રી માતાજી જીવનને આધાર આપી રહ્યાં છે અને પછી વ્યક્તિ સઘળું, સર્વ કંઈ શ્રી માતાજીના હસ્તમાં મૂકી દે છે. (CWSA 31 : 344-45)

*

## કાર્યનું કેન્દ્રબિંદુ આશ્રમ જ છે

નિશ્ચિતપણે મારી શક્તિ આશ્રમ અને એની પરિસ્થિતિઓ પૂરતી સીમિત નથી. તમે જાણો છો એ મુજબ એ શક્તિ વિશાળતર રીતે યુદ્ધમાં યોગ્ય પરિસ્થિતિઓ ઉદ્ભવે તેમ જ માનવ વિશ્વમાં પરિવર્તન થઈ આવે એને માટે ઉપયોગમાં લેવાતી હોય છે. આશ્રમના ક્ષેત્ર બહાર વ્યક્તિગત હેતુઓ માટે તેમ જ યોગના આચરણ માટે પણ એ શક્તિનો ઉપયોગ થઈ રહ્યો છે. અલબત્ત, આ છે આધ્યાત્મિક પરિણામ માટેનું કાર્ય અને એ શક્તિનો ઉપયોગ શાન્તિપૂર્વક થઈ રહ્યો છે. તેમ છતાં આશ્રમ કાર્યનું કેન્દ્રબિંદુ બની રહે છે. અને યોગના આચરણ સિવાય તો કાર્યનું અસ્તિત્વ જ ન સંભવે અને કાર્યના સાફલ્યનો કોઈ અર્થ પણ સરે નહિ.

(CWSA 35 : 456)

*

તમે એ મહાશયને કહી શકો છો કે વાચન અને અભ્યાસ મનને તૈયાર કરવા માટે ઉપયોગી હોવા છતાં એ જાતે કરીને યોગમાર્ગમાં પ્રવેશ કરવા માટેનાં શ્રેષ્ઠ સાધનો છે નહિ. આંતરિક સ્વાપર્ણ, એ છે યોગમાર્ગમાં પ્રવેશ માટેનું સાધન. અને આશ્રમના વાતાવરણમાં પ્રવેશ કરવો એટલું જ જરૂરી છે એવું નથી. કારણ આ વાતાવરણમાં એવી ઘણી વસ્તુઓ છે, જે બધી જ ઇચ્છવાજોગ નથી. સાધકે શ્રી માતાજીની ચેતના સાથે એકતા સિદ્ધ કરવી જ જોઈએ. અને એમાં પણ સત્યનિષ્ઠ સ્વાર્પણ, મનમાં, હૃદયમાં અને સંકલ્પમાં કરેલું સ્વાર્પણ એ જ એને માટેનું સાધન છે. શ્રી માતાજી દ્વારા સોંપવામાં આવેલું કાર્ય હંમેશાં એ સ્વાર્પણ માટેના ક્ષેત્ર રૂપે જ હોય છે અને એ કાર્ય શ્રી માતાજીને કરવામાં આવતા અર્પણ રૂપે થવું જોઈએ જેથી પોતાના સ્વાર્પણના માધ્યમ દ્વારા સાધક શ્રી માતાજીની શક્તિ કાર્ય કરી રહી છે એવું અનુભવી શકે તેમ જ શ્રી માતાજીની હાજરી પણ અનુભવી શકે. (CWSA 35 : 547-48)

*

## શારીરિક અને આંતરિક નજીદીકી

શ્રી માતાજીની સહાય ખૂબ દૂર રહ્યે રહ્યે મેળવી શકવાનું શક્ય છે ? — ધારો કે મુંબઈ અને કલકત્તામાં — જેવી રીતે આશ્રમમાં એ મેળવી શકાય છે, બરાબર એ જ રીતે ?

શ્રી માતાજીની સહાય વ્યક્તિ દરેક સ્થળે મેળવી શકે છે. અને જો વ્યક્તિમાં બળવાન આધ્યાત્મિક ચેતના હોય તો એ મહાન પ્રગતિ પણ સાધી શકે છે. પરંતુ અનુભૂતિ એ વિચારને આધાર પૂરો પાડતી નથી કે અંતરથી કંઈ ફેર પડતો નથી અથવા તો એ લગભગ એકસમાન જ છે.

*

## આંતરિક સંપર્ક કેળવતાં શીખો

શ્રી માતાજીની નિવૃત્તિએ[1] અમારા માટે એક ઘણો અગત્યનો પ્રશ્ન ઊભો કર્યો છે, તેમની અને ઘણાખરા આશ્રમવાસીઓની વચ્ચે જે શારીરિક અંતર હતું તેને તે વધારે દૂર કરશે કે કેમ અને તેમનાં સતત માર્ગદર્શન સિવાય પણ આશ્રમની ઘટનાઓ વ્યવસ્થિત ચાલશે કે કેમ ? તેમની નિવૃત્તિ દરમ્યાન સાધકોના સાચા હિતોમાં ઓટ આવશે નહિ ? જેવી રીતે તેઓ પહેલાં અમારી સંભાળ લેતાં હતાં તે જ રીતે તેઓ અમારી સંભાળ લેશે ?

તમારે કદી ભૂલવું ન જોઈએ કે દરેક વ્યક્તિ જીવનમાં તે પોતે જે છે તેની યોગ્ય અભિવ્યક્તિને મેળવે છે. મારી કૃપા અને આશીર્વાદ તમારી સાથે હંમેશાં છે જ. જેઓ મારી શક્તિ ઉપર આધાર રાખે છે તેમની યોગ્ય રીતે સંભાળ લેવામાંથી મેં મારી જાતને એક દિવસ પણ અટકાવી નથી.

૨૨ મે ૧૯૬૨

---

૧. ૨૦ માર્ચ ૧૯૬૨થી આશ્રમમાં શ્રી માતાજી તેમના ઉપરના ઓરડાઓમાં રહેતાં અને દરરોજના એ કાર્યમાંથી તેમણે નિવૃત્તિ લીધેલી જેમાં દરેક વ્યક્તિ તેમને નિયમિત રીતે મળી શકતી હતી; ત્યાર પછી તેઓ માણસોને મળતાં પરંતુ જેમણે મંજૂરી મેળવી હોય તેમને જ.

કાર્ય કરો — મારી પ્રેરણા અને માર્ગદર્શન કાયમ તમારી સાથે હશે, અને જ્યારે જરૂર હશે ત્યારે હું તમને ભૌતિક રીતે મળીશ. પરંતુ આ જરૂરિયાતને વધારે અને વધારે ઓછી કરવા માટે હું કાર્ય કરું છું. કાર્યની પૂર્ણતા માટે આંતરિક માર્ગદર્શન ગ્રહણ કરવું એ અનિવાર્ય છે.

૨૧ ડિસેમ્બર ૧૯૬૪

*

હવે જ્યારે તમે અહીં છો ત્યારે ફક્ત એક જ વસ્તુ કરવાની છે કે તમારે ભૂતકાળને ભૂલી જવો અને અહીંના કાર્ય ઉપર એકાગ્રતા કરવી. એ સાચું છે કે આ સમયે હું તમને નિયમિત રીતે મળી શકું નહિ. પરંતુ તમારે 'આંતરિક' સંપર્ક કેળવવા શીખવું જોઈએ (મારી નિવૃત્તિનાં કારણોમાંનું આ એક મુખ્ય કારણ છે) અને પછીથી તમે જાણશો કે હું માર્ગદર્શન આપવા અને સહાય કરવા તમારી સાથે કાયમ છું. અને તમારી સાધનાને યોગ્ય રીતે કરવા માટે અહીં કરતાં તમે વધારે સારી પરિસ્થિતિઓ પ્રાપ્ત કરી શકો નહિ.

*

એમ કહેવું વધારે સાચું હોઈ શકે કે કેટલાક વિચારો, કેટલીક લાગણીઓ અને કેટલાંક કાર્યો મારી પાસેથી લોકોને દૂર કરે છે અથવા કોઈ વ્યક્તિ અને મારી વચ્ચે શારીરિક સામીપ્ય હોવા છતાં એક પ્રકારની જુદાઈનું સર્જન કરે છે.

૧ મે ૧૯૬૮

*

તમારી સાથેનો શારીરિક સંપર્ક અનિવાર્ય છે ?

ના, આ શારીરિક સંપર્ક બિલકુલ અનિવાર્ય નથી. ખરેખર જેમનામાં સાચું વલણ હોય છે તેમને શારીરિક સંપર્ક, શરીરનાં રૂપાંતરની ગતિને અનુસરવા માટે સહાય કરે છે. પરંતુ શરીર ભાગ્યે જ તેનાથી લાભ મેળવવાની પરિસ્થિતિમાં હોય છે. ઘણે ભાગે જન્મદિવસોએ તે વધારે ગ્રહણશીલ હોય છે.

સપ્ટેમ્બર ૧૯૭૧

*

હવે હું સક્રિય જીવન જીવતી નથી; જો તમે ખુલ્લા હો તો મદદ ચોક્કસ મળવી જ જોઈએ.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૫૫-૫૭)

*

તમારા બધાની અંદર રહેલા બારણાને ખુલ્લું કરવા માટે હું સૌથી વધારે કાળજી લઉં છું, જેથી કરીને જો તમે તમારી અંદર ફક્ત એક નાનકડી એવી એકાગ્રતાની ગતિ કરો તો તમારે એક બંધ અને ખસી ન શકે એવા બારણા આગળ લાંબા સમય સુધી રાહ ન જોવી પડે. તે બારણાની ચાવી તમારી પાસે નથી અને તેને કેવી રીતે ખોલવું તે તમે જાણતા નથી.

બારણું ખુલ્લું છે, ફક્ત તમારે તે દિશામાં જોવાનું છે. તમારે તેના તરફ તમારી પીઠ ફેરવવી જોઈએ નહિ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૫૯)

*

## એક વિશિષ્ટ સંબંધ

ઘણા લાંબા સમય પહેલાંથી શ્રી અરવિન્દે આ વસ્તુ યાદ રાખવા માટે આશ્રમમાં દરેક જગાએ મુકાવેલી છે. **''કાયમ એવી રીતે વર્તો, જાણે કે શ્રી માતાજી તમારી સામે જોઈ રહ્યાં છે, કારણ કે તેઓ ખરેખર કાયમ હાજર હોય છે.''**

આ ફક્ત એક શબ્દસમૂહ અથવા સાદા શબ્દો નથી, એ એક હકીકત છે. હું તમારી સાથે એક સઘન રીતે હાજર છું અને જેમનામાં સૂક્ષ્મ દર્શન હોય તેઓ મને જોઈ શકે છે.

સામાન્ય રીતે મારું બળ સતત કાર્ય કરતું હોય છે અને તમારા સ્વરૂપના મનોમય તત્ત્વોમાં સતત ફેરફાર કરતું રહે છે. તે તમને નવા સંબંધોમાં મૂકી આપે છે અને તમારી પ્રકૃતિનાં જુદાં જુદાં પાસાંઓને તમારી જાત સમક્ષ સ્પષ્ટ કરી આપે છે જેથી કરીને તમે જોઈ શકો કે કઈ વસ્તુમાં ફેરફાર કરવાનો છે, વૃદ્ધિ કરવાની છે અને ઇન્કાર કરવાનો છે.

પરંતુ તે સિવાય પણ તમારી અને મારી વચ્ચે એક અંગત વિશિષ્ટ સંબંધ છે. જે જે માણસો શ્રી અરવિન્દના શિક્ષણ તરફ અને મારા તરફ વળેલા છે તે બધાની વચ્ચે – અને, તે બરાબર સમજાય તેવું છે કે અહીં અંતર ગણવામાં આવતું નથી, તમે ફ્રાન્સમાં હોઈ શકો છો, તમે પૃથ્વીના છેડા ઉપર હોઈ શકો છો અથવા પોંડિચેરીમાં, આ સંબંધ કાયમ સાચો અને જીવંત હોય છે. અને જ્યારે દરેક વખતે કોઈ પુકાર આવે છે અને દરેક વખતે મારે તેને જાણવાની જરૂર હોય છે, જેથી કરીને હું એક શક્તિ મોકલી શકું, એક પ્રેરણા, એક રક્ષણ અથવા બીજી કોઈ પણ વસ્તુ, ત્યારે ઓચિંતા મારી પાસે એક પ્રકારનો સંદેશ આવી જાય છે અને જે જરૂરી હોય તે હું કરું છું. આ સંદેશાઓ સ્પષ્ટ રીતે ગમે તે ક્ષણે મારી પાસે આવી પહોંચે છે અને તમે ઘણી વખત વાક્યની અથવા કાર્યની અધવચ્ચે મને અટકતી જોઈ હશે, તે એટલા માટે છે કે કંઈક વસ્તુ મારી પાસે આવે છે, કોઈક સંદેશો અને હું એકાગ્ર થાઉં છું.

જેમને મેં શિષ્યો તરીકે સ્વીકારેલા છે, જેમને મેં હા કહેલી છે, તેમની સાથે એક સંબંધ કરતાં પણ કાંઈક વિશેષ હોય છે, તેમની સાથે મારો પ્રાદુર્ભાવ હોય છે. આ પ્રાદુર્ભાવ જ્યારે જરૂરિયાત હોય ત્યારે મને ચેતવણી આપે છે અને શું બને છે તેની મને જાણ કરે છે. ખરેખર મારી પાસે સતત સૂચનો આવ્યાં જ કરે છે, પરંતુ મારી સક્રિય સ્મૃતિમાં તે બધાં નોંધાતાં નથી, નહિ તો હું તણાઈ જાઉં; શારીરિક ચેતના ગરણીની માફક કાર્ય કરે છે. વસ્તુઓ સૂક્ષ્મ ભૂમિકા ઉપર નોંધાઈ જાય છે અને તેઓ સુષુપ્ત અવસ્થામાં ત્યાં રહે છે, કોઈ સંગીતના ભાગની માફક, જે વગાડાતું નથી, પરંતુ નોંધ લેવાય છે અને જ્યારે મારી શારીરિક ચેતના વડે મારે તેને જાણવાની જરૂરિયાત ઊભી થાય છે, ત્યારે હું આ સૂક્ષ્મ શારીરિક ચેતનાનો સંપર્ક સાધું છું અને રેકર્ડ ફરવા માંડે છે. અને પછી વસ્તુઓ કેવા પ્રકારની છે, સમયમાં તેમનામાં શું વૃદ્ધિ થયેલી છે અને સાચું પરિણામ શું છે, તે હું જોઉં છું.

અને જો કોઈ કારણસર મારી મદદ માગતું કોઈ લખાણ તમે કરો અને હું જવાબ આપું, ''હું તમારી સાથે છું.'' તો તેનો અર્થ એ કે તમારી સાથેનો વ્યવહાર સક્રિય બને છે, તમે મારી સક્રિય ચેતનામાં તે સમયે અને જરૂરી સમય સુધી આવો છો.

અને તમારી અને મારી વચ્ચેનો આ સંબંધ કદી કપાઈ જતો નથી. કેટલાક લોકોએ બંડની પરિસ્થિતિમાં આશ્રમને ઘણા લાંબા સમય પહેલાં છોડી દીધેલો છે અને તેમ છતાં હું તેમના વિશે માહિતગાર રહું છું. અને તેમના ઉપર ધ્યાન આપું છું. તમારો કદી ત્યાગ કરવામાં આવતો નથી.

હકીકતમાં હું દરેક માટે, તેવા લોકો માટે પણ, જેમને હું મારા જીવનમાં ફક્ત એક ક્ષણ માટે પણ મળી હોઉં, તેમને માટે મારી જાતને જવાબદાર ગણું છું.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૫૧-૫૨)

*



# ઉપસંહાર

આશ્રમ એટલે આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનનો બોધ કરી રહેલા આચાર્ય યા તો ગુરુનું મકાન અથવા તો મકાનો, કે જેમાં એ ગુરુ પોતાની પાસે જ્ઞાન મેળવવા તથા સાધના કરવા આવનાર વ્યક્તિઓને મળવા તથા રહેવા કરવાની વ્યવસ્થા કરી આપે છે. આશ્રમ એ કોઈ મંડળ નથી, કે ધાર્મિક સંસ્થા કે મઠ નથી. આશ્રમ એટલે ઉપર જે કહ્યું તે, એ સિવાય બીજું કંઈ જ નહિ.

આશ્રમમાંની હરેક વસ્તુ ગુરુની માલિકીની હોય છે. સાધકોનો એ વસ્તુઓ પર કશો હકદાવો નથી હોતો. કોઈ વસ્તુમાં તેમનો અવાજ નથી હોતો. ગુરુની ઇચ્છા અનુસાર સાધક આશ્રમમાં રહી શકે છે અથવા તો ચાલ્યો જાય છે. જે કંઈ દ્રવ્ય ગુરુને મળે છે તે ગુરુની પોતાની મિલ્કત છે, કોઈ જાહેર સંસ્થાની નહિ. એ પૈસા કોઈ ટ્રસ્ટ કે ફંડ નથી, કારણ કે આ કોઈ જાહેર સંસ્થા નથી. ઈસુ ખ્રિસ્તના પહેલાંયે સેંકડો વર્ષ ઉપર હિંદમાં આવા આશ્રમો હતા અને અત્યારે પણ મોટી સંખ્યામાં હયાત છે. આશ્રમનો બધો આધાર ગુરુ ઉપર રહેલો છે. ગુરુના જીવનનો અંત આવતાં આશ્રમનો પણ અંત આવે છે, સિવાય કે એ ગુરુનું સ્થાન લઈ શકે તેવો કોઈ અન્ય ગુરુ ત્યાં હોય.

પોંડિચેરીમાં આશ્રમ જે રીતે અસ્તિત્વમાં આવ્યો તે નીચે પ્રમાણે છે. શ્રી અરવિન્દ પહેલાં પોંડિચેરીમાં પોતાના મકાનમાં થોડાએક સાથીઓ સાથે રહેતા હતા. પછીથી એ સાથીઓમાં થોડા વધારે જોડાયા. આગળ જતાં ૧૯૨૦માં શ્રી માતાજી શ્રી અરવિન્દ સાથે રહેવાં આવ્યાં ત્યાર પછી અહીં રહેવા આવનારાઓની સંખ્યા ખૂબ વધવા લાગી. એ આવનારાઓને રાખવા માટે કંઈક વ્યવસ્થા ઊભી કરવી જોઈએ એમ જણાવા લાગ્યું અને એ માટે જરૂર મુજબ મકાનોને વેચાતાં તેમ જ ભાડે લેવા માંડયાં. વળી એ મકાનોની સાફસૂફી, સમારકામ તથા ફરી બાંધણી માટે, ખોરાક માટે તથા સુઘડ અને આરોગ્યપૂર્ણ જીવન માટે પણ વ્યવસ્થા ઊભી કરવાની હતી. આ બધા અંગે શ્રી માતાજીએ જરૂરી નિયમો ઘડ્યા હતા. પણ એ બધા ખાનગી રૂપના જ હતા. એમાં સુધારો વધારો કે ફેરફાર કરવો એ બધું શ્રી માતાજીના હાથની વાત છે. એમાં કોઈ પણ રીતે જાહેર પ્રકારનું કશું તત્ત્વ નથી....

આશ્રમ રાજકીય સંસ્થા નથી. અહીં રહેનાર બધા રાજકીય પ્રવૃત્તિઓ સાથેનો પોતાનો બધો સંબંધ જતો કરે છે. આશ્રમના સાધકોએ ધાર્મિક, રાજકીય કે સામાજિક રીતનો કોઈ પ્રકારનો પ્રચાર કરવાનો હોતો નથી.

આ આશ્રમ કોઈ ધાર્મિક સંસ્થા પણ નથી. અહીં રહેનાર સાધકો બધા ધર્મોમાંથી આવે છે, કેટલાક તો કોઈ પણ ધર્મના નથી. આશ્રમમાં કોઈ સંપ્રદાય કે નક્કી કરેલી માન્યતાઓ નથી. તેનું તંત્ર ચલાવનાર કોઈ ધાર્મિક મંડળ નથી. આશ્રમમાં માત્ર શ્રી અરવિન્દની તત્ત્વદૃષ્ટિને અનુસરવામાં આવે છે તથા ધ્યાન અને ચિત્તએકાગ્રતાની અમુક માનસિક સાધનાઓ ઇત્યાદિ કરવામાં આવે છે. અને તેનો હેતુ છે વ્યક્તિની ચેતનાનો વિકાસ, સત્યને ગ્રહણ કરવાની શક્તિની પ્રાપ્તિ, કામનાઓ ઉપર કાબૂ, પ્રત્યેક માનવમાં ગુપ્ત રહેલા દિવ્ય સ્વરૂપની–દિવ્ય ચેતનાની પ્રાપ્તિ, પ્રકૃતિનો એક વધુ ઉચ્ચતર વિકાસ.

(શ્રી અરવિન્દ અને તેમનો આશ્રમ – પુસ્તિકા પૃ. ૭૧થી ૭૩)

# વૃત્ત વિશેષ

તા. ૧૫ ઑગષ્ટ ૨૦૧૭ના રોજ શ્રી અરવિન્દનો જન્મદિન-દર્શનદિન પ્રસંગે જામનગર કેન્દ્રમાં નીચે મુજબ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

સવારે ૧૦થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન. સાંજે ૭થી ૮.૩૦ શ્રી માતાજીના ઓર્ગન મ્યુઝિક બાદ વાર્તાલાપ. વિષય : ‘સાવિત્રી’નું મહાત્મ્ય. વક્તા : શ્રી ભૂપતભાઈ એ. લાંબા. સાંજે વાર્તાલાપ દરમિયાન અમારા કેન્દ્રના સિનીયર મેમ્બર જાંબુડા સ્થિત શ્રી ભૂપતભાઈ લાંબાએ શ્રી અરવિન્દના મહાકાવ્ય ‘સાવિત્રી’નું માહાત્મ્ય રજૂ કર્યું. શ્રી ભૂપતભાઈ લાંબા શ્રી અરવિન્દ તત્ત્વદર્શન અને મહાકાવ્ય ‘સાવિત્રી’ના ઊંડા અભ્યાસી છે. પોતાની અસ્ખલિત અમૃતવાણીમાં ‘સાવિત્રી’ની અનેક પંક્તિઓ ટાંકીને ખૂબ જ હૃદયસ્પર્શી રજૂઆત કરી શ્રોતાવર્ગને તેઓએ મંત્રમુગ્ધ કરી દીધો હતો. બંને સમય વાતાવરણ અતિ સઘન અને શ્રી માતાજીની સંનિધિસભર રહ્યું. જામનગરના લોકોએ કાર્યક્રમમાં સારી સંખ્યામાં હાજરી આપી.

(અહેવાલ : શ્રી બિપિન શનેશ્ચરા)

*

શ્રી અરવિન્દાયન કપડવણજ મુકામે ૧૫મી ઑગષ્ટે ભારતનો સ્વાતંત્ર્યદિન, શ્રીકૃષ્ણનો આવિર્ભાવ દિન, શ્રી અરવિન્દનો આવિર્ભાવદિન અને આ સંગમતીર્થે તેજસ્વી વિદ્યાર્થીઓને રૌપ્યચંદ્રક એનાયત થયા.

સમારંભનો આરંભ ધ્યાન અને પ્રાર્થનાથી થયો. શ્રીમતી પૂર્ણિમાબહેન દિલીપભાઈ શાહે એમના સુમધુર કંઠે પ્રાર્થનાનું ગાન કર્યું.

શ્રી અરવિન્દાયનના અધ્યક્ષશ્રી વિખ્યાત ઍડવોકેટ શ્રી તખ્તસિંહ ઝાલાએ શબ્દ-પુષ્પોથી સહુનું સ્વાગત કર્યું. શ્રી અરવિન્દાયનનો અને આચાર્યશ્રી કે. એસ. યાદવ મેમોરિયલ ટ્રસ્ટનો પરિચય તેઓએ આપ્યો અને શ્રી અરવિન્દના જીવનની રૂપરેખા રજૂ કરી.

ડૉ. કૌશલકિશોર વર્માએ આજના મુખ્ય વક્તા ડૉ. સુધીરભાઈ યાદવનો પરિચય કરાવ્યો. તેજસ્વી વિદ્યાર્થીઓને રૌપ્યચંદ્રક આપવામાં આવ્યા.

સમારંભના મુખ્ય વક્તા શ્રી ડૉ. સુધીરભાઈ યાદવે 'Skill Based Education' "કૌશલ પર આધારિત શિક્ષણ’ પર મનનીય અને દિશાસૂચક વક્તવ્ય આપ્યું હતું.

આ સમારોહને સફળ બનાવવામાં મંત્રીશ્રી ગૌરાંગભાઈ ઉપાધ્યાય, ડૉ. પુષ્પાબહેન ભટ્ટ, પ્રા. જીતેન્દ્રભાઈ જોશી, શ્રી ડૉ. કૌશલભાઈ વર્મા, શ્રી રાજેન્દ્રભાઈ બ્રહ્મક્ષત્રિય વગેરે સાધકમિત્રોએ પોતાનું યોગદાન આપ્યું હતું.

ડૉ. કિશોરકૌશલ વર્માએ સમગ્ર સમારોહનું સુચારુ ઢંગથી સંચાલન કર્યું. આ પ્રસંગે દિવ્ય આંદોલનો ચોતરફ પ્રસરી રહ્યાં. ફલાહારનો પ્રસાદ લઈ સાધકમિત્રો વિસર્જિત થયા.

*

શ્રી હરિકુંજ સ્થિત શ્રી અરવિન્દાયન કપડવણજમાં સને ૧૯૮૫માં શ્રીમા અને શ્રી અરવિન્દના પરમ ભક્ત શ્રી ચંપકલાલજીના વરદ હસ્તે શ્રી અરવિન્દના દિવ્યાંશની સ્થાપના થઈ હતી. એ પરમ પવિત્ર દિનની ઉજવણીનો સમારોહ તા. ૫-૧૦-૧૭ને ગુરુવારે સંપન્ન થયો. આ પ્રસંગે સ્વ. નૂતનબહેન પરીખની સ્મૃતિમાં વ્યાખ્યાન પણ યોજાયું. સમારોહનો શુભારંભ પ્રાર્થનાથી થયો. શ્રી રાજેન્દ્રભાઈ બ્રહ્મક્ષત્રિયે અત્યંત ભક્તિભાવપૂર્વક 'મા, તું હૃદયે વસનારી' પ્રાર્થનાનું ગાન સૂરીલા કંઠે કર્યું. શ્રી અરવિન્દાયનના અધ્યક્ષ અને આજના વ્યાખ્યાતા સાધક શ્રી તખ્તસિંહજીનું પુષ્પગુચ્છથી સ્વાગત શ્રી શૈલેન્દ્રભાઈ જે. જોશીએ કર્યું. વ્યાખ્યાતા ઝાલા સાહેબનો પરિચય ડૉ. કૌશલકુમાર વર્માએ આપ્યો. આચાર્યશ્રી કે.એસ. યાદવ મેમોરિયલ ટ્રસ્ટ તરફથી રૌપ્યચંદ્રકો પણ એનાયન થયા.

શ્રી અરવિન્દાશ્રમના પરમ સાધક શ્રી દ્યુમાનજી, એ વિષય પર શ્રી તખ્તસિંહજી ઝાલાએ પ્રેરક અને મનનીય પ્રવચન આપ્યું.

દ્યુમાનજીની નિષ્ઠા, પ્રમાણિકતા અને કર્મઠતા જોઈને શ્રી માતાજીએ એમને ડાઈનિંગ હૉલનું સમગ્ર સંચાલન સોંપ્યું હતું તેઓશ્રી શ્રી અરવિન્દાશ્રમના પરમ સાધક, વિનમ્ર સેવક અને શ્રીમાના આરાધક બની રહ્યા.

શરદપૂર્ણિમાની શીતલ, ધવલ કૌમુદીમાં ચોતરફ દિવ્ય આંદોલનો પ્રસરી રહ્યાં. પ્રસાદગ્રહણ કર્યા પછી સાધકો વિસર્જિત થયા. આ સમારોહને સફળ બનાવવામાં આ સંસ્થાના સાધકોનું યોગદાન અનન્ય રહ્યું. સમગ્ર સમારોહનું સંચાલન ડૉ. કૌશલકિશોર વર્માએ સુચારુ ઢંગથી કર્યું.

(અહેવાલ : પ્રા. ડૉ. પુષ્પાબહેન ભટ્ટ)

*

તા. ૨૯-૮-૨૦૧૭ને મંગળવારના રોજ ગુજરાત હિન્દી સાહિત્ય અકાદમી, સંસ્કૃત સાહિત્ય અકાદમી, ઉર્દૂ સાહિત્ય અકાદમીનો શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક અર્પણ સમારોહ કર્ણાવતી નગરીમાં જે.બી. ઓડિટોરિયમમાં સંપન્ન થયો. પ્રા. ડૉ. પુષ્પાબહેન ભટ્ટના હિન્દી કાવ્ય સંગ્રહ 'યુગન્ધરા'ને હિન્દી સાહિત્ય અકાદમીનો તૃતીય પુરસ્કાર પ્રાપ્ત થયો છે તથા એમના સંસ્કૃત કાવ્યસંગ્રહ 'શ્રી મહાભગવત્યારાધના'ને સંસ્કૃત અકાદમીનું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું છે. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષશ્રી પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યાના વરદ હસ્તે અને કુલપતિશ્રી ડૉ.શશીરંજનની વિશેષ ઉપસ્થિતિમાં તેઓશ્રીને આ બંને પારિતોષિકો એનાયત થયાં.

કવયિત્રી પ્રા.ડૉ.પુષ્પાબહેન ભટ્ટની ૧૭ જેટલી સાહિત્યકૃતિઓ પ્રકાશિત થઈ છે.

એમની 'અમૃત મેં પીધાં છે અજાણી' આત્મકથા પ્રકાશનાધીન છે. કપડવણજ કૉલેજમાં ૩૫ વર્ષ તેઓ અધ્યાપનક્ષેત્રે પ્રવૃત રહ્યાં.

શ્રી અરવિન્દાયન કેન્દ્રનાં 'શ્રી મા મીરા શતાબ્દી ગ્રંથ' 'શતમંગલા', 'શ્રી અરવિન્દ અવશેષ સ્થાપન ગ્રંથ', 'સાવિત્રી સંનિધિ' જેવાં શ્રેષ્ઠ સંપાદનો પણ એમણે આપ્યાં છે.

છેલ્લાં ૧૦ વર્ષથી કપડવણંજ તાલુકાની સર્જક પ્રતિભાને ઉજાગર કરતી "The Poem of

the Year" યોજનાના તેઓ ચેરપર્સન છે. કાવ્યક્ષેત્રે, સંશોધનક્ષેત્રે, વિવેચન ક્ષેત્રે, ચરિત્ર તથા વાસરિકાક્ષેત્રે, અનુવાદક્ષેત્રે એમનું બહુમૂલું પ્રદાન રહ્યું છે. આવા સર્વતોમુખી પ્રતિભા ધરાવતાં પ્રા. ડૉ. પુષ્પાબહેનને શ્રી અરવિન્દ પરિવાર તરફથી અભિનંદન.

*

શ્રી અરવિન્દ નિવાસ, વડોદરામાં શ્રી અરવિનદ મૅમોરિયલ ટ્રસ્ટના સહયોગથી તા. ૧૪-૯-૨૦૧૭થી ૨૦-૯-૨૦૧૭ સુધી શ્રી અરવિન્દના મહાકાવ્ય સાવિત્રીના અધ્યયન અર્થે પ્રવચનશ્રેણીનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૪મીએ શ્રીમા અને શ્રી અરવિન્દની સન્નિધિના આવાહન સાથે પ્રારંભ થયેલી આ શ્રેણીના પ્રથમ પાંચ દિવસ દરમિયાન 'સાવિત્રી' પર્વ-૧ ના ૧થી ૫ સર્ગોમાં, ક્ષિતિજ પારના મહાબૃહદ્ પટ ઉપર વિસ્તરેલી, રાજા અશ્વપતિની યોગયાત્રાની ગહન અનુભૂતિઓ અને સત્યોને શ્રી શરદભાઈએ યથાર્થ પરિપ્રેક્ષ્યમાં રજૂ કરવાનો પ્રયાસ કર્યો.

છઠ્ઠા દિવસે પર્વ-૨ અને પર્વ-૩, ભુવનોના યાત્રીનું પર્વ અને મા ભગવતીની આરાધનાનું પર્વ; એમ બે પર્વોનું વિહંગાવલોકન એનાં રહસ્યોના ઉદ્ઘાટન સહિત કરવામાં આવ્યું તથા સાતમા દિવસે પર્વ-૪થી પર્વ-૧૨ સુધીના સમગ્ર પટને વર્ણનાત્મક શૈલીમાં દરેક પર્વ/સર્ગની હાર્દરૂપ પંક્તિઓનાં ગૂઢ સૂચનો સાથે પ્રભાવક રીતે રજૂ કરવામાં આવ્યો.

સાવિત્રી મહાકાવ્યના આચમનરૂપ આસ્વાદમાં શ્રોતાઓ ભક્તિભાવપૂર્વક સહભાગી થયા હતા. સત્રના અંતે શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી પ્રમોદભાઈ શાહે શ્રી શરદભાઈને સૌરભગુચ્છ અર્પણ કરી પોતાના તરફથી અને શ્રોતાઓ તરફથી આભારની લાગણી વ્યક્ત કરી.

અંતે શ્રી માતાજીના ધ્યાન સાથે આ યજ્ઞકર્મનો અર્ઘ્ય શ્રી માતાજીને ચરણે અર્પણ કરવામાં આવ્યો. સત્રમાં લગભગ ૬૦-૬૫ અભીપ્સુઓ સહભાગી થયા હતા.

*

વિમેન્સ કાઉન્સિલ, શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા દ્વારા નવરાત્રિ નિમિત્તે શ્રી અરવિન્દ નિવાસમાં નીચે મુજબ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૩-૯-૨૦૧૭ શનિવારે, સાંજે ૬.૦૦ વાગે શ્રી માતાજીનાં સ્તોત્રો, સ્તુતિઓ, શ્લોકો વિ.નું ગાન અને 'શ્રીમા' પુસ્તકમાંથી વાચનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ભકિતસભર આ કાર્યક્રમ બાદ વિવિધ પ્રકારના પ્રસાદ શ્રી માતાજીને ધરાવવામાં આવ્યા હતા. આશરે ૩૫થી ૪૦ બહેનો અને ભાઈઓએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

તા. ૨૮-૯-૨૦૧૭ને ગુરુવારના રોજ સાંજે ૬.૦૦થી ૮.૦૦ દરમિયાન બેઠા અને ફરતા ગરબાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી માતાજીની ભક્તિ અને શક્તિની આરાધનાના આ કાર્યક્રમમાં માતૃશક્તિમાં અનેરી સ્ફૂર્તિ અને શક્તિસભર ભક્તિવંદનાનો હિલોળો પ્રત્યક્ષ થયો હતો. ફરતા ગરબા સાથે દાંડિયા રાસનો આનંદ પણ સૌ સહભાગીઓએ માણ્યો.

કાર્યક્રમને અંતે વિવિધ પ્રસાદ સાથે ભક્તિની પ્રતીક સમી લહાણીઓ પણ કરવામાં આવી.

બન્ને કાર્યક્રમોનું સફળ આયોજન અને સૂત્રસંચાલન વિમેન્સ કાઉન્સિલનાં અધ્યક્ષા શ્રીમતી અંગિરાબેન પટેલ અને તેમનાં સહકાર્યકર્તા બહેનોએ કર્યું.

*

શ્રી અરવિન્દ નિવાસ, વડોદરામાં તા. ૨૯-૯-૨૦૧૭ ને શુક્રવારે શ્રી અરવિન્દ નિવાસ પ્રાપ્તિ દિન નિમિત્તે બપોરે ૪.૩૦થી ૬.૩૦ દરમિયાન શ્રી અરવિન્દના મહાકાવ્ય સાવિત્રીમાંથી શ્રી મા ભગવતીની આરાધનાના પર્વનું શ્રી અમલ કિરણે કરેલ વાચનના ધ્વનિમુદ્રણનું સમૂહ શ્રવણ કરવામાં આવ્યું હતું. પૂરા બે કલાક શ્રી અરવિન્દ, 'સાવિત્રી' અને અમલકિરણના સાંનિધ્યમાં ધ્યાનસ્થ અવસ્થામાં પસાર થયા. શ્રી અરવિન્દ નિવાસ જેવી અલૌકિક ભેટ માટે સૌ સહભાગીઓએ શ્રી માતાજીનાં ચરણોમાં કૃતજ્ઞતા વ્યક્ત કરી. પ્રસાદ સાથે કાર્યક્રમની સમાપ્તિ થઈ. (અહેવાલ : કૈલાશ જોશી)

*

શ્રી અરવિન્દ કેન્દ્ર ગાંધીનગરના ઉપક્રમે ઑગષ્ટ અને સપ્ટેમ્બર માસ દરમિયાન અનેકવિધ કાર્યક્રમોનાં આયોજનો કરવામાં આવ્યાં હતાં : (૧) ૧૫ ઑગષ્ટ, ૨૦૧૭, શ્રી અરવિન્દ જન્મદિવસની ઉજવણી નિમિત્તે સવારે ૯.૩૦થી ૧૧-૦૦ દરમિયાન કેન્દ્રના ધ્યાનખંડમાં વાચન, ધ્યાન અને પ્રાર્થનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. અંતે રાષ્ટ્રધ્વજ લહેરાવી 'વંદેમાતરમ્' નું ગાન કરવામાં આવ્યું હતું. સાંજે ૫-૦૦થી ૮-૦૦ દરમિયાન ડૉ. આંબેડકર હૉલ, સેક્ટર-૧૨ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રના વિદ્યાર્થી ઓ દ્વારા કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. સાથેસાથે જન્માષ્ટમી નિમિત્તે શ્રી કૃષ્ણજન્મ મહોત્સવ પણ મનાવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં શહેરીજનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપી હતી. વિદ્યાર્થીઓ, એમના વાલીઓ તેમ જ કેન્દ્રના સભ્યો માટે કેન્દ્ર દ્વારા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

(૨) ૨૫થી ૨૭ ઑગષ્ટ દરમિયાન કેન્દ્ર દ્વારા ત્રિદિવસીય આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં વિધવિધ કેન્દ્રોની કુલ ૨૯ વ્યક્તિઓએ ભાગ લીધો હતો.

ડૉ. શ્રી દયાશંકર મિશ્રા, (વિદ્યાનગર કેન્દ્ર) ડૉ. શ્રી સી. કે. તન્ના (ગાંધીનગર કેન્દ્ર) તથા શ્રી રમેશભાઈ ત્રિવેદી (ૐ પુરિ કેન્દ્ર) દ્વારા શિબિર સંચાલન કરવામાં આવ્યું હતું. વક્તાઓએ શ્રી અરવિનદ અને શ્રી માતાજીનાં જીવન-દર્શન વિશે તેમ જ શ્રી અરવિનદ રચિત મુખ્ય ગ્રંથો Life Divine, Synthesis of Yoga, Essays on the Gita' તથા સાવિત્રી મહાકાવ્યનો પરિચય પણ શિબિરાર્થીઓને કરાવ્યો હતો. શિબિર દરમિયાન સર્વે શિબિરાર્થીઓએ સઘન આધ્યાત્મિક વાતાવરણની અનુભૂતિ કરી હતી.

(૩) ૨૯-૯-૨૦૧૭ના રોજ એક દિવસીય 'ઑરો યુથ વર્કશોપ' નું આયોજન ગાંધીનગર સ્થિત 'કડી સર્વ વિશ્વવિદ્યાલય' સંલગ્ન શ્રી અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે કરવામાં આવ્યું હતું. શિબિરમાં ૯૦ વિદ્યાર્થીઓ, અધ્યાપકો, કૉલેજના

વડા તથા શહેરીજનોએ ભાગ લીધો હતો. કુલ ૨૦ યુવા વિદ્યાર્થીઓએ વિધવિધ વિષયો ઉપર રજૂઆત કરી હતી. તથા શ્રી અરવિન્દ, શ્રી માતાજીનાં જીવન-દર્શન વિશે યોજાયેલ વિચાર-ગોષ્ઠીમાં પણ ભાગ લીધો હતો. ગાંધીનગર કેન્દ્રના અધ્યક્ષ ડૉ. શ્રી સી.કે.તન્ના તેમજ કેન્દ્રના અન્ય સભ્યોએ વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. શિબિરમાં ભાગ લેનાર સર્વેને પ્રમાણપત્રો પણ આપવામાં આવ્યાં. કેન્દ્ર દ્વારા સર્વને માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. (અહેવાલ : ડૉ. સી. કે. તન્ના)

*

શ્રી માતાજીની અસીમ કૃપાથી અમેરિકાના, ન્યુજર્સી રાજ્યમાં ઘણાં વર્ષોથી નિયમિતરૂપે ''સાધના સ્ટડી સર્કલ'' પૂર્ણયોગના અભ્યાસ અને સત્સંગની પ્રવૃત્તિ ચાલી રહી છે. દર મહિને અમુક કુટુંબો ભેગાં થઈને શ્રી માતાજી અને શ્રી અરવિન્દના જુદા જુદા વિષયો ઉપરનાં લખાણોનું વાંચન તથા મનન કરે છે. બાળકો આ પ્રવૃત્તિમાં કેન્દ્ર સ્થાને છે. તેઓ પણ નક્કી કરાયેલા વિષય ઉપર શ્રી માતાજી અને શ્રી અરવિન્દનાં પુસ્તકો તથા on-line ઉપલબ્ધ સાહિત્યનું સંશોધન કરીને પોતે તૈયાર કરેલ વિષય-નોંધને વાંચે છે તથા તેઓ પોતે શું સમજ્યા છે તેની વિગતે રજૂઆત કરે છે. સાવ નાનાં બાળકો પણ શ્રી માતાજીની પ્રાર્થનાઓ ગાય છે અને શ્રી માતાજી તથા શ્રી અરવિન્દના જીવનના પ્રેરક પ્રસંગો કે તેઓએ લખેલી વાર્તાઓ વગેરે વાંચે છે. ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ચાલતી સ્ટડી સર્કલની આ પ્રવૃત્તિઓને શ્રી માતાજીની પ્રાર્થનાઓ, ભાવાતીત ધ્યાન, ભાવભીનાં ભક્તિગીતો અને મધુર સંગીતથી ગૂંથી લઈ ચિત્તાકર્ષક બનાવવામાં આવી છે.

શ્રી માતાજી અને શ્રી અરવિન્દના પ્રેરક વાક્યોને સુંદર, સુશોભિત કાર્ડ પર અંકિત કરી, દરરોજ અનેક લોકોને ઈ-મેલ દ્વારા પહોંચાડવાનું કાર્ય પણ સાધનાના જ એક ભાગ રૂપે અહીં સ્વીકારવામાં આવ્યું છે. સહુને આ પ્રેરક વાક્યોનો લાભ મળે અને શ્રી મા અને શ્રી અરવિનદનાં લખાણો વધુને વધુ વાંચવા લોકો પ્રેરાય તે માટે આ બધાં કાર્ડસને કાયમી ધોરણે MirraBliss.com નામની વેબ-સાઈટ પર મૂકવામાં આવ્યાં છે.

આપને જ્યારે પણ અમેરિકાના ન્યુજર્સી રાજ્યની મુલાકાત લેવાનું થાય ત્યારે અચૂક આ ''સાધના સ્ટડી સર્કલ'' ની મુલાકાત લેવાનું ગોઠવજો.

સંપર્ક : E-Mail : maulik1982@verizon.net Ph. No. 973-626-8578

*

*શ્રી અરવિન્દ સોસાયટી, મુખ્ય શાખાએ એક નિયમ મુજબ પોતાના માસિકમાં શ્રી અરવિન્દ, શ્રી માતાજી અને શ્રી અરવિન્દ, શ્રી માતાજીની સમાધિ અને દિવ્યાંશની છબીઓ સિવાય અન્ય સાધકો કે પ્રસંગોની છબી નહિ છાપવાનો નિર્ણય લીધો છે તે સર્વને વિદિત થાય.*

***તંત્રી***

*

**પ્રશ્ન :** મધુર માતાજી, કોઈકે મને આ પ્રશ્ન પૂછયો હતો : ''જે માણસોને માનવજાતિની સેવા કરવા માટે વિશિષ્ટ શક્તિઓની ઈશ્વરીય બક્ષિસ સાંપડેલી હોય છે. દા.ત. બુદ્ધિશાળી દાક્તરો, વકીલો વિ. તેઓ જો પોતાના મોક્ષ ખાતર આપણા આશ્રમમાં આવી વસે તો માનવજાતિને માટે એ મોટું નુકસાન ન ગણાય ? એવા લોકો માનવોની તેમ જ જગતની સેવા કરીને ઈશ્વરની સેવા કદાચ વધુ સારી રીતે કરી શકે !''

**ઉત્તર :** અહીં કોઈ પણ મોક્ષને ખાતર આવતું નથી, કારણ કે શ્રી અરવિન્દ મોક્ષમાં માનતા નથી. આપણે માટે 'મોક્ષ' એ અર્થ વગરનો શબ્દ છે. આપણે અહીં માણસોના તેમ જ પૃથ્વીના રૂપાંતરની તૈયારી કરવા માટે છીએ કે જેથી નૂતન સર્જન સંભવી શકે અને આપણે પ્રગતિ માટે જો વ્યક્તિગત પ્રયત્ન કરીએ છીએ તો એ એટલા માટે કે આપણા કાર્યને પૂર્ણપણે સિદ્ધ કરવા માટે એ પ્રગતિ અનિવાર્યપણે આવશ્યક છે.

મને આશ્ચર્ય એ વાતનું થાય છે કે આશ્રમમાં આટલો લાંબો સમય રહ્યા પછી તમે હજુ આ રીતે વિચારો છો અને રવિવારની પ્રાર્થનાઓમાં થતી અર્થહીન વાતો પરત્વે અભિમુખ બનો છો !

★

મધુર માતાજી, પહેલાં આપ, લોકોને આશ્રમમાં રહેવાની રજા આપવા બાબતે ખૂબ કડક વલણ અપનાવતાં હતાં, હવે એવું રહ્યું નથી. શા માટે ?

જ્યાં સુધી આશ્રમમાં ફક્ત યોગસાધના કરનારને જ સ્થાન આપવામાં આવતું હતું ત્યાં સુધી કડક વલણ અપનાવવું એ એક સ્વાભાવિક વસ્તુ હતી.

જ્યારથી બાળકોને આશ્રમમાં પ્રવેશ આપવાનું શરૂ કર્યું ત્યાર પછી કડક વલણ અપનાવવાનું શક્ય રહ્યું નહિ અને જીવનની ઢબ પણ બદલાઈ ગઈ હતી.

હવે આશ્રમ પૃથ્વી પરના જીવનનું પ્રતીકાત્મક પ્રતિનિધિત્વ કરતો થઈ ગયો છે અને પ્રત્યેક વ્યક્તિ, એનામાં જો દિવ્ય જીવન પ્રતિ પ્રગતિ કરવાનો સંકલ્પ હોય તો તે આશ્રમમાં સ્થાન પામી શકે છે.

★

**મધુર માતાજી,**

જ્યારે કોઈ અજાણી વ્યક્તિ અમને પૂછે કે શ્રી અરવિન્દ આશ્રમ શું છે ? ત્યારે અમારે એને શું જવાબ આપવો જોઈએ, જે ટૂંકો અને યોગ્ય જવાબ હોય ?

આશ્રમ એ નૂતન જગતનું, આવતીકાલના સર્જનનું પ્રારંભિક ઉછેરસ્થાન છે.

અને જો તમને વધુ પ્રશ્નો પૂછવામાં આવે તો તમારે જે જવાબ આપવાનો છે તે છે : તમારે પુસ્તકો વાંચવા જોઈએ અને શ્રી અરવિન્દના દર્શનનો અભ્યાસ કરવો જોઈએ.

**શ્રી અરવિન્દ**

(CWM 16 : 314-15, 322-23)

(વર્ષ ૦૩ : અંક ૧૧)
RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઇ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.